સુવિચાર

પોતાના પૂજ્યોને આદર-માન આપવાવાળાની ઉંમર, વિદ્યા, યશ તથા બળ ચારે પદાર્થો નિરંતર વધે છે.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૪/૦૨/૨૦૨૫, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ મહા વદ-૨ વર્ષ : ૧૬ અંક : ૦૫૪



SINCE 1999
હરિ ૐ
PENDAWALA
વાટીદાળના ખમણ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



ડેસ્ટિનેશન વેડીંગ કરો ગુજરાત ના સૌથી મોટા રિસોર્ટ માં સાસણ ગીર

૭૭ વીઘાં નો રીસોર્ટ



GreenWoods

• ૧૦૦ રૂમ
• રેન ડાન્સ એરિયા
• વેડિંગ હોલ
• પૂલ સાઈડ વેડિંગ
• પાર્ટી પ્લોટ
• રિસોર્ટ ની બધી એમિનીટીઝ

માત્ર રૂ. 4,99,000 માં

300 મેમ્બર્સ માટે

Lords

Call:+91 9898 1212 17, +91 97371 43311
Vishal Lords Inn Gir Forest, Near Madhubanti Dam, Malanka Gir


## જયાંથી પીવાનું પાણી મળે છે તે નર્મદાની કેનાલનું રીપેરીંગ શરૂ થવાનું હોવાથી

# અમરેલીમાં એપ્રિલ-મે મહિના માટે પાણીનું આગોતરૂ આયોજન જરૂરી

**શહેરનાં દોઢ લાખ નાગરિકોને એપ્રિલ અને મે મહિનામાં પીવાનાં પાણીની તકલીફ ન પડે તે માટે ગંભીરતાથી વિચારવું જરૂરી**

**અંદાજિત ૨ મહિના સુધી નર્મદાનું પાણી ન મળે ત્યાં સુધી સ્થાનિક સોર્સમાંથી પાણી મેળવવું પડશે**

**વડી, ઠેબી સહિતનાં જળાશયોને સૌની યોજના અંતર્ગત પાણીથી ભરવા પડશે**

**પાલિકા પ્રમુખ બિપિન લીંબાણીએ પાણી-પુરવઠા મંત્રીને વિસ્તૃત પત્ર પાઠવ્યો**

અમરેલી, તા. ૧૩

અમરેલીનાં શહેરીજનોને પીવાનું પાણી પહોંચતું કરનાર નર્મદાની કેનાલનું આગામી એપ્રિલ-મે મહિનામાં રીપેરીંગ થવાનું હોવાથી ભરઉનાળે પીવાના પાણીની તંગી ઉભી ન થાય તે માટે પાલિકા પ્રમુખ બિપિન લીંબાણીએ પાણી-પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, આગામી ઉનાળા-૨૦૨૫ દરમિયાન સિંચાઈ વિભાગ ધ્વારા નર્મદા મુખ્ય કેનાલનાં મેઈન્ટેનન્સનાં હેતુ માટે મુખ્ય કેનાલમાંથી અંદાજે ૨ માસ (એપ્રિલ-મે) માટે પાણી પસાર કરવાનું બંધ કરવામાં આવનાર છે. જે બાબતે જણાવવાનું કે, અમરેલી શહેરની હાલની વસ્તી અંદાજીત ૧.૫૦ લાખ જેટલી થાય છે. અમરેલી શહેર માટે પાણી પુરવઠાનાં મુખ્ય સ્ત્રોત મહી પરીએજ, ઠેબી ડેમ તેમજ વડી ડેમ સીપેજ વોટર તેમજ ખોડીયાર ડેમ છે. જેમાં ઠેબી ડેમનાં જળ સ્તર માહે માર્ચ અંતિત ખૂબ જ ઘટી જવાનાં કારણે તેમજ આ ડેમનાં ડીસીલ્ટીંગ છેલ્લા ૮ વર્ષથી ન થવાનાં કારણે અને વર્ષ-૨૦૨૦માં આ ડેમ તેમની પૂર્ણ સપાટી સુધી ભરાયેલ હોવાનાં કારણે ઉપરવાસની અનેક વનસ્પતિઓનાં કોહવાણ થયેલ હોવાનાં કારણે જળસ્તર જયારે ઘટી જાય છે

અનુસંધાન પાના ૬ ઉપર

## પાણીની મોટર બંધ કરતી વખતે

# બાબરાનાં ખાખરીયા ગામે ઈલેકટ્રીક શોર્ટ લાગવાથી શ્રમિકનું કમકમાટીભર્યુ મોત

**નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૧૩

મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ બાબરા તાલુકાના ખાખરીયા ગામે મનોજભાઈ મોહનભાઈ ઘોળાની વાડીએ રહેતા અનિલ મોહનભાઈ વાખલા નામના ૨૪ વર્ષિય યુવક ગત તા. ૧૨ના સાંજના પાંચેક વાગ્યે ખાખરીયા ગામે પાણીની ઈલેકટ્રીક મોટર બંધ કરવા જતા ઈલેકટ્રીક શોક લાગવાથી યુવકનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## અવારનવાર પીછો કરી શરીર સંબધ બાંધવાની માંગ કરીને

# વડિયાનાં મોરવાડા ગામનાં ૨ ઈસમોએ સગીરા સામે અશ્લિલ ઈશારા કર્યા

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૧૩

વડીયા તાલુકાના મોરવાડા ગામે રહેતા સાગરભાઈ જયસુખભાઈ મકવાણા તથા અનિલભાઈ કાળુભાઈ મકવાણા નામનાં આરોપીઓએ એક ૧૬ વર્ષની તરૂણી ભોગ બનનાર સગીરવયની છે તેમ જાણવા છતાં ભોગ બનનારનો અવાર-નવાર પીછો કરી જાહેર સ્થળે અશ્લીલ શબ્દો બોલી ત્રાસદાયક કૃત્ય કરેલ. તેમજ અશ્લીલ ઈશારાઓ કરી તરૂણી પાસે શરીર સંબંધ બાંધવાની માંગણીઓ કરી જાતીય સતામણી કરેલ તેમજ ભોગ બનનાર તરૂણીની આબરૂ જાય તેવા અશ્લીલ શબ્દો ઉચ્ચારણ કરી બન્ને આરોપીઓએ ભોગ બનનારને જાનથી મારી નાખવાની ધમકી આપી સગીરાની જાતીય સતામણી કરવામાં એકબીજાને મદદગારી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

# સાવરકુંડલાનાં ગ્રામ્ય વિસ્તારની સગીરાનું અપહરણ થતાં ફરિયાદ

અમરેલી, તા. ૧૩

મુળ મધ્યપ્રદેશના વતની લાલસિંહ રેમુભાઈ ડાવર નામના ઈસમે મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ સાવરકુંડલા પંથકના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા એક મજુર પરિવારની સગીરવયની દિકરી ભોગ બનનારને ગત તા. ૧૨/૧૦/૨૪ના રોજ સાંજના ૫:૩૦ વાગ્યાના અરસામાં લલચાવી ફોસલાની લગ્ન કરવાના કે બદકામ કરવાના ઈરાદે વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ ગયાની ફરિયાદ નોંધાઈ છે.

## સરંભડા ગામનાં અજયભાઈ દાફડા વિરૂધ્ધ ફરિયાદ

# ચલાલામાં રહેતી એક પરિણીતા સાથે દુષ્કર્મ કરીને જાનથી મારી નાખવાની ધમકી

**ધારી, સાવરકુંડલા અને સુરત ખાતે લઈ જઈ કર્યુ દુષ્કર્મ**

અમરેલી, તા. ૧૩

ચલાલા ગામે રહેતી એક પરિણીતાને અમરેલી તાલુકાના સરંભડા ગામે રહેતા આરોપી અજયભાઈ ગોવિંદભાઈ દાફડાએ અંદાજે આજથી ચારેક માસ પહેલા તા. ૧૧/૧૦/૨૪થી તા. ૧૨/૨/૨૫ દરમ્યાન લગ્ન કરવાની લાલચ આપી ભોગ બનનારને વિસમાં લઈ વચન આપી તેને છેતરી તેની સાથે ચલાલા બસસ્ટેશનમાંથી મોટર સાયકલમા બેસાડી સાવરકુંડલા તથા ધારી લઈ જઈ શરીર સબંધ બાંધી દુષ્કર્મ આચરેલ હતું. તેમજ સુરત મુકામે લઈ જઈ ત્યાં પણ શરીર સબંધ બાંધેલ હતો. આરોપી કહે તેમ નહી કરવાદે તો દવા પી જવાની ધમકી આપી ભોગ બનનાર સાથે શરીર સબંધ બાંધી દુષ્કર્મ આચરેલ હોય અને બાદમાં લગ્ન કરવાની ના પાડેલ અને ભોગ બનનારના બાપુજી તથા ભાઈને ફોન કરી આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો ગુન્હો કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.


જવાહર નવોદય & સૈનિક સ્કૂલ અમરેલી
ધો.5 CET માટે
ટ્યુશન - હોસ્ટેલ - અપડાઉન
લાઠી રોડ, બાયપાસ ચોકડી અમરેલી
રોહિત જોષી
Mo.94294 33031
Mo.90676 06698





સર્વોત્તમ શિક્ષણના સ્વપ્નદ્રષ્ટા
પ્રમુખશ્રી, વસંતભાઈ ગજેરા

શ્રી પરશોતમભાઈ રૂપાલા
સાંસદશ્રી

ડો.જીવરાજ મહેતા
સંસ્થાપક

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ
આયોજિત
66 YEARS
વસંતોત્સવ - ૨૦૨૫

જાહેર નિમંત્રણ

ઉમંગની પાંખે ઉડતી વસંત સૃષ્ટિના મનોહર શણગારથી શોભતી હોય ત્યારે ઉર્મિશીલ હૈયાને પૂલકિત કરતા વસંતના વાયરાનો વૈભવ, આજે પણ વનમાં અને જનમાં, રહેશે સદા સૌના તનમાં, વસંત જયારે વાસંતી વાયરાના સુવાસથી મઘમઘતી હોય ત્યારે ભવ્ય... વસંતોત્સવ-૨૦૨૫ કાર્યક્રમમાં આપનું આગમન અમારા માટે ઉત્સાહની સુગંધ પ્રસરાવશે તો સંસ્થાના ભુલકાઓ દ્વારા રજુ થતા વૈવિધ્યપુર્ણ સાંસ્કૃતિક કાર્યક્રમનું હૃદયપુર્વક રસપાન કરવા અને રંગમંચના કલાકારોના કસબને પ્રોત્સાહિત કરવા આપશ્રીને સંસ્થા પરિવાર હૃદયના સ્પંદનોથી નેહ નિતરતુ નિમંત્રણ પાઠવે છે.

તારીખ : ૧૫-૦૨-૨૦૨૫, શનિવાર..... સમય : રાત્રે ૭:૩૦ કલાકે
સ્થળ : જિલ્લાકક્ષા સ્પોર્ટસ સ્કૂલ ગ્રાઉન્ડ, વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી

સમારોહના અધ્યક્ષશ્રી
શ્રી પરશોતમભાઈ રૂપાલા (માન.સાંસદશ્રી, પૂર્વ કેન્દ્રીયમંત્રીશ્રી)

સમારોહના ઉદ્દઘાટકશ્રી
શ્રી ભરતભાઈ સુતરીયા ( માન.સાંસદશ્રી, અમરેલી )
શ્રી કૌશિકભાઈ વેકરીયા ( માન.નાયબ દંડકશ્રી )
શ્રી દિલીપભાઈ સંઘાણી ( માન.ચેરમેનશ્રી ઈફકો,ગુજકોમાસોલ )
શ્રી જે.વી. કાકડીયા ( માન.ધારાસભ્યશ્રી )
શ્રી મહેશભાઈ કસવાલા ( માન. ધારાસભ્યશ્રી )
શ્રી જનકભાઈ તળાવીયા ( માન.સાંસદશ્રી )

પ્રેરક ઉપસ્થિતિ
શ્રી અશોકભાઈ ગજેરા ( ડિરેકટરશ્રી,લક્ષ્મી ડાયમંડ )

નિમંત્રક
ડો.જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત
શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ
શ્રી વસંતભાઈ ગજેરા ( માન. પ્રમુખશ્રી )
શ્રી હેમેન્દ્રભાઈ મહેતા ( ઉપપ્રમુખશ્રી )
શ્રી નાગજીભાઈ સોજીત્રા ( ઉપપ્રમુખશ્રી )
શ્રી કિશોરભાઈ મહેતા ( મંત્રીશ્રી )
શ્રી લીંબાભાઈ જોધાણી ( મંત્રીશ્રી )
શ્રી મનસુખભાઈ ધાનાણી ( મંત્રીશ્રી )
શ્રી ચતુરભાઈ ખુંટ ( મંત્રીશ્રી )





ઉપલબ્ધ સારવાર
✦ ઓર્થોપેડિક & પોલીટ્રોમાં ✦ જનરલ મેડીસીન
✦ આર્થ્રોસ્કોપીક સર્જરી ✦ ક્રિટીકલ કેર
✦ ગાયનેક - પ્રસુતિ ✦ પોઇઝન સેન્ટર
✦ યુરોલોજી સર્જરી ✦ આઇ.સી.યુ
✦ જનરલ સર્જરી ✦ એસ. આઇ. સી. યુ
✦ લેપ્રોસ્કોપીક સર્જરી ✦ ડાયાલીસીસ

શ્રેષ્ઠ સારવારનું સરનામું એટલે
નવજીવન જનરલ હોસ્પિટલ
24 x 7 કલાક ઈમર્જન્સી સારવાર
સુવિધાઓ: કેશલેશ મેડીકલેઈમ | GSRTC-ST માન્ય | અકસ્માત સહાય યોજના | આયુષ્માન ભારત યોજના
કેરીયા રોડ
નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
હોસ્પિટલ 02792-222223 99782 23000
ઈમરજન્સી 9978293000

## માર્કેટયાર્ડનાં ચેરમેન દીપક માલાણીએ ખેડૂતો અને વેપારીઓને મોં મીઠું કરાવ્યું

# સાવરકુંડલા માર્કેટયાર્ડમાં નવા ઘઉંની આવક શરૂ : ભાવ રૂપિયા ૯૦૨

**ગાધકડાનાં ખેડૂત પાસેથી વેપારી પેઢીએ રૂપિયા ૯૦૨ પ્રતિ મણનાં ભાવે ખરીદી કરી**

**લોહી–પાણી એક કરીને તૈયાર કરેલ પાકનું યોગ્ય વળતર મળતાં ખેડૂતોમાં ખૂશી**

**જો કે વર્તમાન મોંઘવારીમાં ખેડૂતોને ઘઉંનો ભાવ પ્રતિ મણ ૧૨૦૦ કરતાં વધારે મળે તે યોગ્ય**

**અમરેલી જિલ્લો એ કૃષિપ્રધાન હોવાથી જેમ ખેડૂત સધ્ધર બને તેમ સૌ કોઈ આર્થિક સધ્ધરતાં મેળવે**






સાવરકુંડલા, તા. ૧૩

આજરોજ સાવરકુંડલા માર્કેટયાર્ડમાંસિઝનનાનવાઘઉંનીઆવક થતાંનવાઘઉંનીખરીદીનાશ્રીગણેશથયાં. ગાધકડા ગામના ખેડુત ભરતભાઈ બાલુભાઈ સાવલીયાએ મે. વૃજલાલ પોપટલાલ એન્ડ કું.ના કમીશનમાંવેચવામાટેઆવેલ.સિઝનના નવાઘઉંનીઆવકનાઆજરોજશ્રીગણેશ થયેલ હોય, જેનું ચેરમેન દિપકભાઈ માલાણીના વરદ હસ્તે વિધિસર પુજન કરી, શ્રીફળ વધેરીને ખેડુતો તથા વેપારીઓનુંમોંમીઠુકરાવીનેહરરાજીની શુભ શરૂઆત કરવામાં આવી અને ઘઉં ખરીદનાર વેપારીઓ તેમજ યાર્ડના સ્ટાફગણઅનેડીરેકટરોનીઉપસ્થિતિમાં ખરીદનાર વેપારીઓમાં મુહુર્તના ઘઉં ખરીદવા માટે બોલીઓ બોલવામાં આવતા વેપારી પેઢી શાંતિલાલ સોમજીભાઈઅંબાણીદ્વારારૂા.૯૦૨/–ની ઉંચી બોલી બોલીને ઘઉંની ખરીદી કરેલ.જેથીમુહુર્તનાસારાભાવબોલાતા ખેડુતોમાં પણખુશીનો માહોલ છવાયો હતો.

---

### અપૂરતા પાણીથી તરસ છીપાવવા પ્રાણીઓ

## દામનગરનાં કુંભનાથ તળાવમાં પાણી પીવા માટે હરણ અને નીલગાયનું આગમન

**દર્શનાર્થીઓએ એક ચિત્તે આનંદ માણે છે**

દામનગર, તા. ૧૩

દામનગર ગત ચોમાસામાં વરસાદનહિવતથવાથીશહેરમાંઆવેલ કુંભનાથ તળાવમાં પાણીના ખાડામાં થોડુક....જ પાણીભરાયેલહોય, હરણ અનેનીલગાયપોતાનીતરસછીપાવવા આવી પહોંચે છે, તે દ્રશ્યોને નિહાળવા અહીંયાદર્શનકરવાઆવતાદર્શનાર્થીઓ એકચિત્તેમનભરીનેઆનંદમાણેછે.


તસ્વીર : નટુ ભાતિયા–દામનગર

---

### કળીયુગમાં અમુક બનાવ હૈયે ટાઢક આપે છે

## બગસરા–જામનગર રૂટની બસમાંથી મુસાફરનો ૩.૫૦ ગ્રામ સોનાનો ચેઈન ગુમ થયો

**બસનાં કંડકટરે મુસાફરનો ચેઈન પરત કર્યો**

અમરેલી, તા. ૧૩

બગસરા ડેપોની ગાડી બગસરાથીજામનગરજતીબસમાંએક પેસેન્જરનો સાડા ત્રણ તોલાનો ચેન મુસાફરીદરમ્યાનચેનખોવાયો. તેચેન બસ ફરજ દરમિયાનના કન્ડકટર રાજુભાઈસોનાગરામળેલહતો. હોલ્ટ દરમિયાન પેસેન્જરના ધ્યાન જતા પેસેન્જર હાફલો ફાફલો થઈ ગયો. તે દરમિયાન કન્ડકટરને પુછતા કંડકટર કહ્યું શું થયુ. તો તેને જણાવેલ કે મારો સોનાનો સાડા ત્રણ તોલા ચેન ખોવાયો જેનીઆશરેકિંમતરલાખથીર.૫૦લાખ થાયછે. તેદરમિયાનડ્રાઈવરજાંબુકીયા વિવેકભાઈ અને કડકટર રાજુભાઈ સોનાગરાએ પેસેન્જરની ખરાઈ કરી. જામનગરડેપોમાંATIનીહાજરીતેચેન તેનામૂળમાલિકનેપરતકરેલતેપેસેન્જરે ડ્રાઈવર જાંબુકીયા વિવેકભાઈ અને કડકટરરાજુભાઈસોનાગરાનોખુબખુબ આભાર વ્યકત કરેલ.



---

### તમામ દાતાઓ અને સ્વયંસેવકોનાં સહકારથી

## અમરેલી જિલ્લા આહીર સમાજનો સમૂહ લગ્નોત્સવ સફળતાપૂર્વક સંપન્ન

**યુવા પ્રમુખ કમલેશ ગરણીયાએ આભાર માન્યો**

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લા આહીર સમાજ દ્વારા છઠ્ઠા સમૂહલગ્નોત્સવનુ આયોજન તારીખ ૭મી ફેબ્રુઆરી ના રોજ અમરેલી ના ફોરવર્ડ હાઈસ્કૂલ ના વિશાળ ગ્રાઉન્ડ માં કરવામાં આવ્યું હતુ. આ સમૂહલગ્નોત્સવમાં ૧૭ દીકરીઓએ પ્રભુતામાં પગલા પાડી, વડીલોના આશીર્વાદ સાથે પોતાના ગૃહસંસારની શરૂવાત કરી હતી.

આ સમૂહલગ્નોત્સવ ને સફળ બનાવવા છેલ્લા છ માસથી અમરેલી જિલ્લા આહિર સમાજના પ્રમુખજીતુભાઈ ડેર અને ઉપ પ્રમુખ વનરાજભાઈ કોઠીવાળ ના માર્ગદર્શન નીચે યુવા પ્રમુખ કમલેશ ગરણિયા અને તેમનીટીમ સતત કાર્યશીલ હતી. આ સમૂહલગ્નોત્સવમાં ભોજન ખર્ચના દાતા એવા યુવા ઉધોગપતિ અશોકભાઈ વાજસુરભાઈ સૈડા



દીકરીઓને અપાતા કર્યાવર ભેટ માટે એક લાખનુ દાન આપનાર દાતાઓ વાજસુરભાઈ ક નાળા, વનરાજભાઈ કોઠીવાળ, રાકેશભાઈ સોરઠીયા, ડો. ભરત પાડા, મેરામભાઈ બંધીયા, વિજયભાઈ ડેર, અરજણભાઈ ભમ્મર, રાકેશભાઈ ગરણિયા, મહેશભાઈ ડેર, ભગુભાઈ લાખણોત્રા, જગદીશભાઈ ડેર, ગીરીશભાઈ ડેર, અશોકભાઈ વાણીયા, અરવિંદભાઈ સાંગા, જવાહરભાઈ ચાવડા, પૂનમબેન માડમ સહીત રૂપિયા એકાવન હાજરનુ દાન આપનાર દાતાઓ જીતુભાઈ ડેર, અમરીશભાઈ ડેર, ગોવિંદભાઈ સીસોદીયા, પીઠાભાઈ ડેર, રામશીભાઈ ડેર, લાખાભાઈ વાઢિયા, કાનાભાઈ ગરણિયા, ભોજરાજભાઈ કોઠીવાળ, ભુપતભાઈ કનાળા સહીત સમગ્ર જિલ્લા માંથી જે લોકોએ આર્થિક યોગદાન, શારીરિક યોગદાન આપેલા છે તે તમામ નો સહૃદય આભાર વ્યક્ત કર્યો હતો. સાથે ભવિષ્યમાં સમાજ ઉપયોગી આયોજનોમાં સર્વ દાતાઓને સહયોગ આપવા અપીલ પણ કરાઈ હતી. જોકે તમામ દાતાઓને સમૂહલગ્નસ્થળે સન્માનિત કરાયા હતા તે ઉપરાંત વિશેષ આભાર યુવા પ્રમુખ દ્વારા કરી સફળતાના ભાગીદાર સેને બનાવ્યા હતા.

---

### રાજુલા નજીક આવેલ

## વાવેરાની પે–સેન્ટર શાળામાંથી હાજરી રજીસ્ટર ગાયબ થયું

**શાળાનાં આચાર્યાએ પોલીસને જાણ કરી**

અમરેલી, તા. ૧૩

મુળ દામનગર ગામના વતની અને હાલ રાજુલા, ધારનાથ સોસાયટી, ભાસ્કરભાઈ ત્રિવેદીના મકાનમાં રહેતા અને વાવેરા ગામે પે સેન્ટર શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા દિપાલીબેન વિનોદરાય સરવૈયાએ પોલીસમાં જાહેર કરેલ છે કે શાળાના આચાર્ય રૂમના ટેબલ ઉપર રાખેલશિક્ષકોનુદૈનિકહાજરીરજીસ્ટર તા. ૨૧/૧/૨૫નાસવારનાઆશરેસાડા અગીયારેકવાગ્યાથીતા. ૨૨/૧/૨૫ના સવારના આશરે પોણા અગીયારેક વાગ્યાના કોઈપણ સમય દરમ્યાન ગુમ થયાની જાણ કરતાં પોલીસે ધોરણસર કાર્યવાહીહાથધરેલછે.

---

### જનપ્રતિનિધિઓ ગંભીરતા દાખવે

## દામનગરમાં ઘણા દિવસોથી આધારકાર્ડની કામગીરી ઠપ્પ

**શહેરીજનોનાં નારાજગીનો માહોલ**



દામનગર, તા. ૧૩

દામનગર શહેરમાં આધાર વગર નિરાધાર પંથકની જનતાની વ્હારે કયારે આવશે ? છેલ્લા ઘણા સમયથી આધાર કાર્ડ અપડેટ સેવા સદંતર બંધ હોવાથી મહત્વ નાકામોમાં ફરજિયાત આધાર કાર્ડ લીક વગર ટલ્લે ચડતા કામો થી ભારે પરેશાની ભોગવી રહ્યા છે તેવા સમયે સત્તાધીશોની હાસ્યસ્પદ શેખી અમારા પૂતળા મૂકી દેવાય તો પણ જીતે આવો ઉન્માદ બંધ કરી લોકોના મહત્વના કામો કરો. સરકારમાં ચૂંટાઈ સિસ્ટમમાં આવી સરકાર સાથે વેપાર કરતા સત્તાધીશોની દુકાનોમાંથી પેવર બ્લોક ખરીદાય તો ટેન્ડર પાસ થાય સરકારને ગ્રાહક બનાવવા ચૂંટાયા છે કે જનસેવા કરવા? છેલ્લા ઘણા સમયથી આધાર કાર્ડ અપડેટ કેન્દ્ર બંધ જનતા પરેશાન છે પણ સતાના મદમાં ભાન ભૂલી રહેલ શાસકોનો બેફામ ઉન્માદ ફાટીને ધુવાડે ગયો છે પ્રશાસનિક વ્યવસ્થામાં દામનગર ગામડાથી પણ બદતર હાલતમાં મૂકયું છે દામનગર સહિત સમગ્ર પંથકમાં આધાર કાર્ડ અપડેટ માટે ભારે હાલાકી અનેક મહત્વના કામો ટલ્લે ચડતા પરેશાન પ્રજાની વ્હારે કોણ આવશે?

---

## સાવરકુંડલા : ખેલ મહાકુંભ – ૩.૦ સ્પર્ધામાં દોશી ગર્લ્સની ઝળહળતી સફળતા



સાવરકુંડલા, તા. ૧૩

નૂતન કેળવણી મંડળ સંચાલિત એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થીની બહેનોએ ખો–ખો સ્પર્ધા–અંડર ૧૭માં જિલ્લા કક્ષાના ખેલમહાકુંભ–૩.૦માંભવ્યસફળતાપ્રાપ્ત કરી છે જેમાં શાળાની વિદ્યાર્થીની બહેનો (૧) લાડુમોર જલ્પાબેન દેવકુભાઈ, (૨) ભુકણ રવિનાબેન મધુભાઈ અને (૩) ગેલાણી રીયાબેન લાલજીભાઈ ઉપરોકત વિદ્યાર્થીની હવે પછી ઝોન કક્ષાએ ભાગ લેવા જશે. બહેનોનું નેતૃત્વ શાળાના પી.ટી. શિક્ષક દેવીબેન રાઠોડે કર્યુ હતું. સૌ વિજેતા બહેનોને પ્રિન્સિપાલ ઉષાબેન તેરૈયા શાળાના સુપરવાઈઝર નિતાબેન ત્રિવેદી તેમજ નૂતન કેળવણી મંડળના ટ્રસ્ટીઓ અને શાળા પરિવારે ખૂબખૂબ અભિનંદન અને શુભકામનાઓ પાઠવી હતી એમ રવિભાઈ જોષીની એક યાદીમાં જણાવાયું હતું.

---

### ‘‘અમરેલી એક્સપ્રેસ’’નાં અહેવાલની અસર

## તળાજા–જુનાગઢ વાયા લીલીયા રૂટની એસ.ટી. બસ પુનઃ શરૂ થતાં હાશકારો

**એસ.ટી. વિભાગે બસ ૨૪ કલાકમાં શરૂ કરી**

દામનગર, તા. ૧૩

દામનગર તળાજા ડેપોની એસ.ટી. બસ તળાજા–જૂનાગઢ રૂટની ૩૦ વર્ષ જુની પરિવહન સેવા એકાએક બંધ થતાં શાખપુરના સરપંચ જસુભાઈ ખુમાણ દ્વારા ડેપો મેનેજરને રજુઆત સાથે અમરેલી એકસપ્રેસ દૈનિકમાં ગામડાઓને સાંકળતી એસ.ટી. બસ સેવાથી ભારે હાલાકી અંગે સમાચાર અહેવાલ પ્રસિદ્ધ થતા તુરંત પરિવહન તંત્ર હરકતમાં આવી શાખપુર સરપંચ જસુભાઈ ખુમાણને ટેલિફોનિક સંપર્ક કરી ૨૪ કલાકમાં તળાજા–જૂનાગઢ રૂટને પૂર્વવત કરી અપાશે તેવી ખાત્રી આપી હતી. તળાજાથી ઉપડી પાલીતાણા, ગારીયાધાર, લીલીયા, અમરેલી જિલ્લાના અસંખ્ય ગામડાઓને સાંકળતી મહત્વની એસ.ટી. સેવા એકાએક બંધ કરાતા અખબારી અહેવાલ બાદ તુરંત રૂટ પૂર્વવત કરવા પરિવહનતંત્રએ ખાત્રી આપી.

અનેક ગામોનાં મુસાફરોમાં નારાજગી

**તળાજા–જુનાગઢ રૂટની એસ.ટી. બસ સ્ટાફનાં અભાવે ૧૦ દિવસથી બંધ**

બસ પુનઃ શરૂ ન થાય તો ‘‘રામધુન’’ દ્વારા રજૂઆત




---

### ધારાસભ્ય કસવાલાની જહેમતથી ૫.૫૦ કરોડ મંજૂર

## અરે વાહ : સાવરકુંડલાનાં ૨૨ ગામોમાં ગ્રામ પંચાયતનું નવું મકાન બનાવાશે

**ગ્રામ્ય વિસ્તારની જનતામાં ખુશીનો માહોલ**


સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે સતત કાર્યરત ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ વધુ એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. તાલુકાના ૨૨ ગામો જેમ કે રામગઢ, નાના ભમોદ્રા, પીઠવડી, મિતીયાળા, વિજયાનગર, જુનાસાવર, કાનાતળાવ, અભરામપરા, સાકરપરા, જેજાદ, સેંજળ, લુવારા, થોરડી, વિરડી, ઘનશ્યામનગર, હિપાવડલી, નાનાજીંજુડા, દેતડ, જીરા, ધજડી, ગોરડકા તથા ઘોબામાં નવા ગ્રામ સચિવાલય બનાવવા માટે સરકારમાંથી કુલ રૂ. ૫.૫૦ કરોડ મંજૂર કરાવવામાં આવ્યા છે. આ અંગેની માહિતી આપતા કસવાલાએ જણાવ્યું હતું કે, અનેક ગામોમાં ગ્રામ સચિવાલય જર્જરિત હાલતમાં હતાં. જેના કારણે ગ્રામજનોને હાલાકીનો સામનો કરવો પડતો હતો. તેથી નવી ગ્રામ સચિવાલય બને તે માટે સરકારમાં રજૂઆત કરવામાં આવી હતી. જેના પરિણામે રાજય સરકારે તાજેતરમાં આ માટે મંજૂરીની મહોર મારી છે. તેઓએ ઉમેર્યું હતું કે, નવી ગ્રામ સચિવાલય બનવાથી ગામના લોકોને વિવિધ સરકારી કામો માટે સુવિધા મળશે. તેમજ વહીવટી કામગીરી પણ સરળ અને ઝડપી બનશે. ગ્રામ સચિવાલયમાં ગામના લોકોને વિવિધ સરકારી યોજનાઓ વિશે માહિતી મળશે અને તેઓ યોજનાઓનો લાભ મેળવી શકશે. આ ઉપરાંત, ગ્રામજનો ગ્રામ સચિવાલયમાંથી મહત્વના દસ્તાવેજો પણ મેળવી શકશે. ગ્રામ સચિવાલયની સ્થાપનાથી ગ્રામજનોના સમય અને ખર્ચની બચત થશે અને વહીવટી કાર્યક્ષમતામાં વધારો થશે. આ વિકાસ કાર્યથી ગ્રામજનોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. ગ્રામ્ય વિસ્તારના લોકો માટે વિવિધ સરકારી યોજનાઓ અને સેવાઓનો લાભ મેળવવામાં સરળતા રહે તે માટે ગ્રામ્ય કક્ષાએ ગ્રામ સચિવાલયની સ્થાપના કરવામાં આવશે. કસવાલાના પ્રયત્નોથી આ મહત્વપૂર્ણ પહેલને મંજૂરી મળી છે, જે ગ્રામ્ય વિકાસમાં એક નવું પરિમાણ ઉમેરશે. કસવાલાની આ સિદ્ધિ બદલ સાવરકુંડલા તાલુકાના લોકોએ તેમને અભિનંદન પાઠવ્યા છે. તેવું સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## મેલડી મા ના પરમ ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા ૧૦ વર્ષ સુધીનાં યજ્ઞનો સંકલ્પ

# બાબરામાં શ્રી વડલીવાળી મેલડી મા ના સાંનિધ્યમાં ચાલતા યજ્ઞનાં પાંચ વર્ષ પૂર્ણ

**અતિવૃષ્ટિ, વાવાઝોડું કે કોરોનાનાં કપરા કાળમાં પણ અવિરત માનો યજ્ઞ ચાલી રહ્યો છે**

**મેલડી માના મંદિરે દેવી પારાયણ, માતાજીનાં માંડવા, નવરાત્રિ મહોત્સવ સહિતનાં પણ કાર્યો થઈ રહ્યા છે**

**યજ્ઞને લઈને દર મહિને રૂપિયા ૨૦ લાખનો ખર્ચ કોઈપણની આર્થિક સહાય વગર ચાલી રહ્યો છે**

**માના ભકતે શ્રી વડલીવાળી મેલડી માનાં મંદિરનાં જંગલમાં મંગલ ઉભુ કરી ધાર્મિક કાર્યોનો ત્રિવેણી સંગમ સર્જયો**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૩

બાબરામાં નિલવડા રોડના કાંઠે તળાવના કિનારે બિરાજતા અને સમગ્ર અમરેલી જિલ્લા સહિત સૌરાષ્ટ્ર–ગુજરાતમાં શ્રદ્ધાનું કેન્દ્ર એટલે શ્રી વડલીવાળી મલેડી મા મંદિરે વર્ષો પહેલા અહીં સાવ જંગલ જેવું હતું. પણ છેલ્લા દોઢ દાયકાથી વધુ સમયથી મેલડી માંના પરમ ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા અહીં વડલીવાળી મેલડી માંના મંદિરનો જીર્ણોધાર કરવામાં આવ્યો અને નૂતન મંદિર માતાજીનું બનાવવા આવ્યું. તેમજ અહીં બાગ–બગીચા અને અન્નક્ષેત્ર ઉભું કરવામાં આવ્યું, ગૌશાળા સહિત અન્ય સેવાઓ શરૂ કરવામાં આવતા હજારોની સંખ્યામાં લોકો માતાજીના દર્શન કરવા દોડી આવે છે. અહીં દર રવિવારે અને મંગળવારે દૂર દૂરથી શ્રધ્ધાળુ ચાલીને આવે છે અને માતાજીનો તાવો પણ કરે છે. રવિવારે આખો દિવસ માતાજીના મંદિરે ભીડ રહે છે.

શ્રી વડલીવાળી મેલડી માંના મંદિરે દસ વરસના સંકલ્પ સાથે મહાયજ્ઞ ચાલી રહ્યો છે જેને પાંચ વરસ હમણાં પૂર્ણ થયા. આગામી પાંચ વરસ હજુ આ યજ્ઞ ચાલશે. લોકો અહીં યજ્ઞ શાળામાં ચાલતા યજ્ઞના દર્શન કરી પાવન બની રહ્યા છે.

અહીં માતાજીના મંદિરનો સમગ્ર કાર્યભાર સંભળાતા અને માતાજીના પરમ ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા જણાવ્યું હતું કે, શ્રી ભગવતીની દિવ્ય પ્રેરણા થઈ એટલે યજ્ઞનું કાર્ય શરૂ કરવામાં આવ્યું. કોઈપણ જાતની અન્ય લોકોની આર્થિક મદદ વગર આ મહાયજ્ઞ શરૂ કરાયો છે અને માતાજીની પરમ કૃપાથી પાંચ વરસ પૂર્ણ થવા આવ્યા. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આ શિવશકિત મહાયજ્ઞ કહેવામાં આવે છે જેમાં લઘુરૂદ્ર, નવચંડી યજ્ઞ સહિત ૨૩ પ્રકારના હોમત્કામ યજ્ઞના પાઠ કરી આહુતિ આપવામાં આવી રહી છે. કાંશીના ૧૮ વિદ્વાન પંડિતો વિધિ વિધાન સાથે યજ્ઞ કરી રહ્યા છે. અહીં યજ્ઞશાળામાં કાષ્ઠ ઘી સહિતના દ્રવ્યો અને પંડિતોની દક્ષિણા સહિતના ખર્ચામાં મહિને આશરે ૨૦ લાખનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે.

મેલડી માંનાં પરમ ઉપાસક રાજુભાઈ જેઠવાએ અત્યંત ભાવુક સાથે જણાવ્યું હતું કે, અહીં જે પણ સદકાર્ય સેવાકાર્ય ધર્મના કાર્ય માત્રને માત્ર ભગવતી શ્રી મેલડી માં અને મહાદેવની કૃપાના કારણે થઈ રહ્યા છે.

### પુ. શ્રી ડો. રતિદાદાનાં માર્ગદર્શનતળે

## ચલાલા ખાતે રવિવારે ઐતિહાસીક સમૂહલગ્નોત્સવને લઈને તૈયારીઓ

**સમગ્ર પંથકમાં ઉત્સાહનો માહોલ**

ચલાલા, તા. ૧૩

ચલાલા યુગ નિર્માણ ગાયત્રી ટ્રસ્ટ દ્વારા તા. ૧૬/૨/૨૫ના રોજ સર્વ જ્ઞાતિય સમૂહલગ્નની ભવ્ય તડામાર તૈયારી ગાયત્રી પરિવાર દ્વારા ચાલી રહી છે. પૂ. ડો. રતિદાદાના આશીર્વાદ અને સાનિધ્યમાં આ સુંદર કાર્ય ભવ્ય રીતે સંપન્ન થશે. એ માટે ભારત ભૂષણ મહેશભાઈ મહેતા અને આચાર્ય શીતલબેન મહેતા તથા ગાયત્રી પરિવાર સંસ્કાર ધામની સમગ્ર ટીમ અને સમગ્ર ગામજનો તેમજ સાથી મિત્રો દ્વારા ભવ્ય રીતે તૈયારીઓ હાથ ધરાય રહી છે.



## અમરેલીમાં હદપારીનો ભંગ કરનાર ઈસમની સિટી પોલીસે અટકાયત કરી

અમરેલી, તા. ૧૩

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતને આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણી સબબ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદ્રઢ બને તે માટે કાર્યવાહી કવરા માટે જરૂરી સુચના આપેલ હોય. જે અઅનુસંધાને અમરેલી સિટી ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર કે.એસ. ડાંગરની રાહબરી હેઠળ હદપારી ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી નાગનાથ બીટ સ્ટાફ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન નદીમભાઈ ગફારભાઈ બેલીમ (રહે. જૈન દેરાસર પાસે, ખત્રીવાડ રે. અમરેલી)નાં એક ઈસમને અમરેલીના સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટના હુકમ આધારે તા. ૧૯/૧૦/૨૪થી તા. ૧૮/૪/૨૦૨૫ (છ માસ) સુધી અમરેલી જિલ્લામાંથી હદપાર કરેલ હોવા છતાં આ ઈસમ કોઈપણ



જાતની લેખિત મંજૂરી સિવાય અમરેલી જિલ્લામાં પ્રવેશ કરી હદપારીનો ભંગ કરેલ હોય. તેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી અમરેલી સીટી પોલીસે હાથ ધરેલ છે.

## ચલાલાનાં સહકારી અગ્રણી બાવચંદભાઈ કાનાણીનું દુઃખદ અવસાન થતાં ઘેરો શોક

ચલાલા, તા. ૧૩

ચલાલા પટેલ સમાજનાં અગ્રણી અને સારાએ સમાજનાં રાહબર અને માર્ગદર્શક અને અમીર–ગરીબ સૌ કોઈનાં સુખનાં સાથીદાર અને દુઃખમાં સહભાગી થનાર પટેલ સમાજનાં મોભી અને સહકારી ક્ષેત્રનાં અગ્રણી બાવચંદભાઈ કાનાણી સંન્યાસ સાંપ્રદાયનાં સંત શિરોમણી નિર્દોષાનંદ સ્વામી અને અંશાવતાર દાનમહારાજનાં અનન્ય ઉપાસક હતાં અને ભગવાન શિવનું અને દાનમહારાજનું આજીવન સ્મરણ કરી પોતાનું જીવન વ્યતીત કરનાર અતિ સરળ અને સહજ સ્વભાવનાં અને ગમે તે વ્યકિતનાં અડધી રાતનાં હોંકારા સમાન બાવચંદભાઈ કાનાણીએ અચાનક અનંતવાટ પકડતાં તેમનાં પરિવારજનો, સગા, સ્નેહીઓ અને પટેલ સમાજને જ નહી પણ સારાએ સમાજને કયારેય ન પુરાય તેવી ખોટ પડી છે. પરંતુ જન્મ અને મૃત્યુ એ ઈરનો અવિરતપણે ચાલતો ઘટનાક્રમ છે તેમાં દરેક



માનવીઓએ આ ઘટનાક્રમને સ્વીકારી સરવાળે પ્રભુ ઈચ્છા બળવાન તેવું કહી પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્યઆત્માને ચીર શાંતિ આપે તેવું કહી સ્નેહી સ્વજનના સંસ્મરણોને હૃદયસ્થ કરવાં પડે છે. ત્યારે આવાં મુઠી ઉંચેરા માનવી અને ગરીબોનાં બેલીની અંતિમ વિદાયથી તેમનાં કુટુંબ, પરિવાર, સગા, સ્નેહીઓ, પટેલ સમાજ અને સારાએ શહેરમાં ભારે શોકની લાગણી પ્રસરી છે. તેવી અખબારી યાદીમાં દકુભાઈ ખુંટ જણાવે છે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશનરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦, પહેલા માળે, ફિરદૌસ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪






ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦












કોળી શકિત યુવક મંડળ અમરેલી આયોજીત ૪૦ મા સમુહલગ્ન આગામી તા.૦૨-૦૩-૨૦૨૫

આ લગ્નોત્સવમાં ભાગ લેવા માંગતા ઉમેદવારોએ વહેલી તકે સંપર્ક કરવો લગ્ન ફી કન્યા પક્ષ રૂા.૧૨૫૦૦/- તેમજ વર પક્ષ રૂા.૧૨૫૦૦/- દરેકને કન્યાઓને વિના મૂલ્યે કરીયાવરની ૮૦ વસ્તુઓ મળશે.

સરકારી યોજના સમુહલગ્ન સાતફેરા તેમજ કુંવરબાઈનું મામેરૂ યોજના અંતર્ગત લાભ મળવાપાત્ર રહેશે. તો રજીસ્ટ્રેશન માટે...

સંપર્ક : પ્રમુખશ્રી રમેશભાઈ એસ.ગોહિલ

શ્રી રામ એસ્ટેટ, જુના માર્કેટીંગ યાર્ડ અંદર, ફુટ માર્કેટ, દુ.નં.બી/એફ-૧૩, પહેલો માળ, અમરેલી

મો.નં. ૯૩૭૪૭ ૩૪૮૨૦







### કરદાતાઓને થશે મોટો ફાયદો

# નાણામંત્રી નિર્મલા સીતારમણે રજૂ કર્યું નવું આવકવેરા બિલ

**નવા બિલમાં ૫૩૬ કલમો, ૨૩ પ્રકરણો અને ૧૬ અનુસૂચિઓ છે. તે ફક્ત ૬૨૨ પાના પર ચિહ્નિત થયેલ છે. આમાં કોઈ નવો કર લાદવાનો ઉલ્લેખ નથી**

નવી દિલ્હી,૧૩

નાણામંત્રી નિર્મલા સીતારમણે લોકસભામાં નવું આવકવેરા બિલ રજૂ કર્યું છે. હવે આ બિલને વધુ ચર્ચા માટે સંસદીય સ્થાયી સમિતિમાં મોકલવામાં આવશે. નવું આવકવેરા બિલ ૧ એપ્રિલ, ૨૦૨૬ થી અમલમાં આવવાની અપેક્ષા છે. આ નવું બિલ આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ ને બદલવાનો છે. હકીકતમાં, છેલ્લા ૬૦ વર્ષમાં કરવામાં આવેલા સુધારાઓને કારણે, હાલનો આવકવેરા કાયદો ખૂબ મોટો બની ગયો છે. નવા બિલમાં ફ્રિન્જ બેનિફિટ ટેક્સ સંબંધિત બિનજરૂરી કલમો દૂર કરવામાં આવી છે. આ બિલ 'સમજૂતીઓ અથવા જોગવાઈઓ'થી મુક્ત છે,

નાણામંત્રી નિર્મલા સીતારમણે લોકસભામાં નવું આવકવેરા બિલ ૨૦૨૫ રજૂ કર્યું છે. આ નવો કાયદો ૬ દાયકા જૂના આવકવેરા કાયદાનું સ્થાન લેશે અને કર પ્રણાલીને સરળ, પારદર્શક અને વધુ અસરકારક બનાવશે. નવા બિલમાં ૫૩૬ કલમો, ૨૩ પ્રકરણો અને ૧૬ અનુસૂચિઓ છે. તે ફક્ત ૬૨૨ પાના પર ચિહ્નિત થયેલ છે. આમાં કોઈ નવો કર લાદવાનો ઉલ્લેખ નથી. આ બિલ હાલના આવકવેરા કાયદા, ૧૯૬૧ ની ભાષાને સરળ બનાવે છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે લોકસભામાં નવું આવકવેરા બિલ ૨૦૨૫ રજૂ કર્યું છે. અગાઉ, ૭ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ, કેન્દ્રીય મંત્રીમંડળે આ બિલને મંજૂરી આપી હતી. આ નવું બિલ લગભગ ૬૦ વર્ષ જૂના આવકવેરા કાયદાનું સ્થાન લેશે અને કર પ્રણાલીને સરળ, પારદર્શક અને વધુ અસરકારક બનાવશે.

નવા બિલમાં 'એસેસેમેન્ટ ઈયર' શબ્દને 'ટેક્સ ઈયર' શબ્દન ઉપયોગ કરવામાં આવશે, જે ૧ એપ્રિલથી ૩૧ માર્ચ સુધી ૧૨ મહિનાનો સમયગાળો હશે. જો કોઈ નવો ધંધો અથવા વ્યવસાય શરૂ કરવામાં આવે છે, તો તેનું કર વર્ષ તે દિવસથી શરૂ થશે અને તે જ નાણાકીય વર્ષના અંતે સમાપ્ત થશે. નવા બિલમાં કાનૂની શબ્દોને સરળ અને ટૂંકા કરવામાં આવ્યા છે, જેનાથી તે સમજવામાં સરળતા રહે છે. બિલમાં પ્રકરણોની સંખ્યા ૨૩ રહે છે, પરંતુ વિભાગોની સંખ્યા ૨૯૮ થી વધીને ૫૩૬ થઈ ગઈ છે. સમયપત્રકની સંખ્યા ૧૪ થી વધીને ૧૬ થઈ ગઈ છે.

જૂના કાયદામાં હાજર જટિલ સમજૂતીઓ અને જોગવાઈઓ દૂર કરવામાં આવી છે, જેનાથી તેને સમજવામાં સરળતા રહે છે. ક્રિપ્ટોકરન્સી જેવી વર્ચ્યુઅલ ડિજિટલ સંપત્તિઓને હવે અઘોષિત આવક હેઠળ ગણવામાં આવશે. પારદર્શિતા વધારવા અને કરચોરીને રોકવા માટે ડિજિટલ વ્યવહારો અને ક્રિપ્ટો સંપત્તિઓ પર કડક જોગવાઈઓ લાગુ કરવામાં આવી છે. નવા બિલમાં કરદાતા ચાર્ટરનો પણ સમાવેશ થાય છે, જે કરદાતાઓના અધિકારોનું રક્ષણ કરશે અને કર વહીવટને પારદર્શક બનાવશે.નવી કર વ્યવસ્થા હેઠળ ટેક્સ સ્લેબમાં કોઈ ફેરફાર થશે નહીં અને બજેટમાં જાહેર કરાયેલા દરો એ જ રહેશે.

જાણો કર વિશે

૪ લાખ રૂપિયા સુધીની આવક- કોઈ કર નહીં

૪ લાખ રૂપિયા ૧ થી ૮ લાખ રૂપિયા- ૫ ટકા ટેક્સ

૮ લાખ રૂપિયા ૧ થી ૧૨ લાખ રૂપિયા- ૧૦ ટકા ટેક્સ

૧૨ લાખ (૧ રૂપિયાથી ૧૬ લાખ રૂપિયા) ૧૫% ટેક્સ- ૧૬ લાખથી ૨૦ લાખ રૂપિયા સુધી ૨૦% ટેક્સ

૨૦ – ૨૪ લાખ ૨૫% ટેક્સ

૨૪ લાખ રૂપિયાથી વધુ ૩૦% ટેક્સ

---

### તોડફોડ બાદ દેખાવ કરવાનો આરોપ

# જામિયા યુનિવર્સિટીમાં ૧૪ વિદ્યાર્થીઓની અટકાયત

**આ વિદ્યાર્થીઓ બે પીએચડી સ્કોલર સામે યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલી શિસ્તભંગની કાર્યવાહી વિરુદ્ધ પ્રદર્શન કરી રહ્યા હતા**

નવીદિલ્હી,૧૩

દિલ્હી પોલીસે આજે વહેલી સવારે ૬:૦૦ વાગ્યે જામિયા યુનિવર્સિટીના ૧૪ વિદ્યાર્થીઓની અટકાયત કરી છે. યુનિવર્સિટી પ્રશાસનની ફરિયાદ પર પોલીસે આ મોટી કાર્યવાહી કરી છે. આ વિદ્યાર્થીઓ બે પીએચડી સ્કોલર સામે યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલી શિસ્તભંગની કાર્યવાહી વિરુદ્ધ પ્રદર્શન કરી રહ્યા હતા. આ વિદ્યાર્થીઓને ગત વર્ષે કથિત રીતે એક પ્રદર્શનનું આયોજન કરવા બદલ કારણ બતાઓ નોટિસ ફટકારવામાં આવી હતી. આ વિરોધ પ્રદર્શન સોમવારથી શરૂ થયું હતું, જેમાં વિદ્યાર્થીઓએ વહીવટીતંત્રના 'વિદ્યાર્થી ચળવળ પરના કડક પગલાં' ની નિંદા કરી હતી. યુનિવર્સિટીએ દાવો કર્યો છે કે, સંપત્તિમાં તોડફોડ કરવામાં આવી છે, જેના પગલે સુરક્ષા વધારી દેવામાં આવી છે. યુનિવર્સિટીએ દાવો કર્યો છે કે, દેખાવ કરી રહેલા વિદ્યાર્થીઓએ સેન્ટ્રલ કેન્ટીન સહિત યુનિવર્સિટીની સંપત્તિને નુકસાન પહોંચાડ્યું હતું અને સુરક્ષા સલાહકારની ઓફિસનો દરવાજો તોડી નાખ્યો હતો, જેના કારણે વહીવટીતંત્રને કાર્યવાહી કરવાની ફરજ પડી છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, 'કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓને વિરોધ સ્થળ પરથી હટાવવા માટે પોલીસ હસ્તક્ષેપની વિનંતી કરી હતી. યુનિવર્સિટી વહીવટીતંત્ર તરફથી વિનંતી મળ્યા બાદ અમે સવારે ૪ વાગ્યાની આસપાસ ૧૦થી વધુ વિદ્યાર્થીઓને ત્યાંથી હટાવ્યા છે. આ ઉપરાંત કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે અમે કેમ્પસની બહાર ભારે પોલીસ સુરક્ષા તહેનાત કરી છે.'

યુનિવર્સિટીના નિવેદનને શેર કરતા અન્ય એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, '૧૦થી વધુ વિદ્યાર્થીઓની અટકાયત કરવામાં આવી છે અને વધુ તપાસ ચાલી રહી છે. એક નિવેદનમાં યુનિવર્સિટીએ જણાવ્યું કે, ૧૦ ફેબ્રુઆરીની સાંજથી મુઠ્ઠીભર વિદ્યાર્થીઓએ શૈક્ષણિક બ્લોકમાં ગેરકાયદેસર રીતે એકઠા થઈને વિરોધ પ્રદર્શનનું આહવાન કર્યું હતું. ત્યારથી તેઓએ ન માત્ર વર્ગોના શાંતિપૂર્ણ સંચાલનમાં ખલેલ પહોંચાડી, પરંતુ મધ્ય-સેમેસ્ટર પરીક્ષાઓ શરૂ થવાની તૈયારીમાં છે ત્યારે અન્ય વિદ્યાર્થીઓને સેન્ટ્રલ લાઈબ્રેરીમાં પ્રવેશતા અને ક્લાસમાં જતા પણ અટકાવ્યા છે.'યુનિવર્સિટીનું કહેવું છે કે, 'વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓએ સેન્ટ્રલ કેન્ટીન સહિત યુનિવર્સિટીની સંપત્તિને નુકસાન પહોંચાડ્યું અને સુરક્ષા સલાહકારની ઓફિસનો દરવાજો તોડી નાખ્યો હતો, જેના કારણે વહીવટીતંત્રને કાર્યવાહી કરવાની ફરજ પડી હતી. તેમણે યુનિવર્સિટીના નિયમોનું ઉલ્લંઘન કર્યું છે અને તે વાંધાજનક અને પ્રતિબંધિત વસ્તુઓ વહન કરતા જોવા મળ્યા. યુનિવર્સિટી વહીવટીતંત્રે યુનિવર્સિટીની મિલકત, દિવાલોને થયેલા નુકસાન અને ક્લાસમાં વિક્ષેપને ગંભીરતાથી લીધો છે અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ સામાન્ય રીતે ચાલુ રહે તે સુનિશ્ચિત કરવા માટે આ પગલાં લીધાં છે.'

---

### મ્યુનિક પોલીસે કરી ડ્રાઈવરની ધરપકડ

# જર્મનીમાં કાર ડ્રાઈવરે બાળકો સહિત ૨૦ લોકોને કચડ્યા

**ઘટના બાદ સુરક્ષા દળોએ તુરંત વિસ્તારનો ઘેરાવ કર્યો અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડ્યા છે**

જર્મની,૧૩

જર્મનીના મ્યુનિક શહેરમાં એક શખસે ૨૦થી વધુ લોકોને કાર નીચે કચડી નાખ્યા છે, જેમાં બાળકો પણ સામેલ હોવાના અહેવાલ છે.

યુક્રેનના પ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કી અને અમેરિકન ઉપપ્રમુખ જે.ડી. વેન્સની બેઠક પહેલા બનેલી આ ઘટનાથી ખળભળાટ મચી ગયો છે. આ ઘટના મ્યુનિક સિક્યોરિટી કોન્ફરન્સથી માંડ દોઢેક કિલોમીટર દૂર જ બની છે, જેના કારણે મ્યુનિકમાં અનેક ઉચ્ચ અધિકારીઓ અને આંતરરાષ્ટ્રીય પત્રકારો પહોંચી ચૂક્યા છે. પોલીસે સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને કહ્યું છે કે,

અમે કાર ડ્રાઈવરની ધરપકડ કરી લીધી છે, જેની પૂછપરછ ચાલી રહી છે. આ હુમલાનો આરોપી એક સાઉદી ડૉક્ટર છે. જણાવી દઈએ કે, શુક્રવારે (૧૪ ફેબ્રુઆરી) મ્યુનિકમાં અમેરિકન ઉપરાષ્ટ્ર પ્રમુખ જેડી વેન્સ અને યુક્રેનના રાષ્ટ્ર પ્રમુખ ઝેલેન્સ્કી વચ્ચે એક બેઠક થવાની છે. આ પહેલાં ટ્રેડ યુનિયન તરફથી આયોજિત દેખાવ દરમિયાન મ્યુનિક સેન્ટ્રલ રેલવે સ્ટેશન પાસે દચાઉર સ્ટ્રાસે અને સીડલસ્ટ્રાસેના વિસ્તારમાં એક કારે ભીડને ટક્કર મારી દીધી, જેનાથી આ મોટો અકસ્માત થયો છે. અકસ્માત મુદ્દે યુનિયને કહ્યું કે, અમને આ ઘટના વિશે કોઈ જાણકારી નથી. ઘટના બાદ સુરક્ષા દળોએ તુરંત વિસ્તારનો ઘેરાવ કર્યો અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડ્યા છે. હજુ સુધી સ્પષ્ટ નથી કે, આ હુમલો હતો કે દુર્ઘટના. જણાવવામાં આવી રહ્યું છે કે, ઈજાગ્રસ્ત લોકોમાંથી અનેકની સ્થિતિ ગંભીર છે. મ્યુનિક ફાયર ડિપાર્ટમેન્ટના પ્રવક્તા ગેરહાર્ડ પેશ્કેના જણાવ્યા અનુસાર, આરોપી જ્યારે ભીડમાં લોકોને કચડી રહ્યો હતો ત્યારે અનેક લોકો જીવ બચાવવા માટે આસપાસની ઈમારતમાં જતા રહ્યા હતાં. નોંધનીય છે કે, ગત વર્ષે ૨૦ ડિસેમ્બરે પણ જર્મનીના જ મેગડેબર્ગ શહેરના ક્રિસમસ માર્કેટમાં એક શખસે લોકો પર કાર ચઢાવી દીધી હતી.

આ ઘટનામાં ૫ લોકોની મોત નિપજ્યા હતાં અને ૨૦૦ થી વધારે લોકો ઈજાગ્રસ્ત થયા હતાં. હુમલાનો આરોપી ૫૦ વર્ષનો એક સાઉદી અરબનો ડૉક્ટર હતો, જે ૨૦૦૬થી જર્મનીના પૂર્વી રાજ્ય સેક્સોની-અહાલ્ટમાં રહેતો હતો. જોકે, આરોપીની તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળેથી જ ધરપકડ કરી લેવાઈ હતી.

---

### દીપડાએ પાડ્યું લગ્નમાં વિઘ્ન

# લખનઉમાં દીપડો લગ્ન મંડપમાં ઘુસી ગયો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી

**વરરાજા લગ્ન મંડપની બારીમાંથી કૂદી ગયો લગ્નમાં ઘૂસેલા દીપડાથી વર-કન્યાએ કોઈક રીતે પોતાનો જીવ બચાવ્યો હતો.**

લખનઉ,૧૩

ઉત્તર પ્રદેશના લખનઉમાં એક દીપડો એક લગ્ન મંડપમાં ઘુસી ગયો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. વન્ય પ્રાણીઓના ભયથી લગ્ન પ્રસંગમાં અરાજકતા જોવા મળી હતી. પરિસ્થિતિ એવી હતી કે સુંદર પોશાક પહેરેલી દુલ્હન તેના ભારે લહેંગા લઈને તેના મિત્રો સાથે ભાગી ગઈ, જ્યારે વરરાજા લગ્ન મંડપની બારીમાંથી કૂદી ગયો. લગ્નમાં ઘૂસેલા દીપડાથી વર-કન્યાએ કોઈક રીતે પોતાનો જીવ બચાવ્યો હતો. વન્ય પ્રાણીએ તેને બચાવવા આવેલા વન અધિકારીને પણ ઈજા પહોંચાડી હતી. આખી રાત બચાવ કામગીરી બાદ ગુરુવારે સવારે ૪ વાગ્યે દીપડો પકડાયો હતો.

આ ઘટના લખનૌના પારા પોલીસ સ્ટેશન વિસ્તારના એમએમ મેરેજ લૉન ખાતે બની હતી, જ્યાં એક લગ્ન સમારોહ ચાલી રહ્યો હતો. બુધવારે રાત્રે ૧૦:૩૦ વાગ્યાની આસપાસ મહેમાન દીપકે બીજા માળે દીપડાને જોયો અને તે ડરી ગયો અને ઉપરથી કૂદી ગયો. જેના કારણે તે ઘાયલ થયો હતો અને ત્યાર બાદ લગ્નમંડપમાં હંગામો મચી ગયો હતો.

લગ્નમાં ઉપસ્થિત મહેમાનો અને લોકોને સલામત સ્થળે લઈ જવામાં આવ્યા હતા, જ્યારે વન વિભાગને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતાની સાથે જ વન વિભાગના અધિકારીઓની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને દીપડાને બચાવવાની કામગીરી શરૂ કરી હતી. આ ટીમમાં ડીએફઓ સિતાંશુ પાંડે અને રેન્જ ઓફિસર મુકદ્દર અલી પણ સામેલ હતા. આ દરમિયાન દીપડાએ અધિકારીઓ પર હુમલો કરી મુકદ્દર અલીને ઈજા પહોંચાડી હતી. આખી રાત બચાવ કામગીરી બાદ આખરે ગુરુવારે સવારે ૪ વાગ્યે વન અધિકારીઓએ દીપડાને પકડી લીધો હતો. બીજી તરફ ઘાયલ વન અધિકારી મુકદ્દર અલી સ્થાનિક હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

અગાઉ, લખનૌના મલિહાબાદ વિસ્તારના રહેમાનખેડામાં છેલ્લા એક મહિનાથી વાઘ જોવા મળ્યો હતો અને છેલ્લા કેટલાક અઠવાડિયામાં ઘણી ઘટનાઓ નોંધાઈ છે. વન વિભાગ તે વાઘને પકડવા પ્રયાસ કરી રહ્યું છે, પરંતુ હજુ સુધી તે પકડાયો નથી. પરંતુ આ નવી ઘટનાએ આ વિસ્તારના સ્થાનિક લોકોની સુરક્ષાને લઈને ચિંતા ઊભી કરી છે.

---

## લગ્ન અમાન્ય હોય તો ભરણપોષણ માંગી શકાય

નવી દિલ્હી,૧૩

સુપ્રીમ કોર્ટે હિન્દુ લગ્ન અધિનિયમ સંબંધિત એક મહત્વપૂર્ણ નિર્ણય આપ્યો છે. હિન્દુ વિવાહ એક્ટ ૧૯૫૫ હેઠળ અમાન્ય જાહેર થતાં લગ્નમાં પણ બંને પક્ષોને ગુજરાન ભથ્થું માગવાનો હક હોવાનો ચુકાદો સુપ્રીમ કોર્ટે આપ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, 'જો કોઈ કોર્ટ બંનેના વિવાહને ગેરકાયદે કે અમાન્ય જાહેર કરે અથવા તો રદ કરે તો પણ ૧૯૫૫ એક્ટ હેઠળ ચાલુ કેસની અંતિમ પતાવટ સુધી કોર્ટ વચગાળાનું ભરણ-પોષણ આપી શકે છે. જો કે, તેમાં પક્ષકારોનું આચરણ ધ્યાનમાં લેવાશે. કારણકે, રાહત આપવી હંમેશા ન્યાયિક વિવેક પર નિર્ભર છે.'

જસ્ટિસ એ.એસ. ઓકા, જસ્ટિસ આહસાનુદીન અમાનુલ્લા અને જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જ મસિહની બેન્ચે જણાવ્યું હતું કે, 'જો કોઈ વિવાદને ૧૯૯૫ એક્ટની કલમ ૧૧ હેઠળ ગેરકાયદે જાહેર કરવામાં આવે તો તે વિવાહમાં સામેલ બંને પક્ષોને એક-બીજા પર એક્ટની કલમ ૨૫ હેઠળ સ્થાયી ગુજરાન ભથ્થુ તથા ભરણ-પોષણનો દાવો કરવાનો હક છે.' આ કિસ્સામાં તથ્યો અને પક્ષોના આચરણના આધારે સ્થાયી ગુજરાન ભથ્થાં અંગે નિર્ણય લેવાશે. કલમ ૨૫ હેઠળ રાહત આપવી હંમેશા ન્યાયિક વિવેક પર નિર્ભર છે.'સુપ્રીમ કોર્ટે બોમ્બે હાઈકોર્ટના એક ચુકાદામાં પત્ની માટે રખાત શબ્દનો ઉપયોગ કરવા બદલ પણ ટીકા કરતાં કહ્યું હતું કે, 'આ ટીપ્પણી મહિલાઓ વિરૂદ્ધ ભેદભાવપૂર્ણ અને અયોગ્ય ટીપ્પણી છે.' પત્નીને આ રીતે સંબોધવી યોગ્ય નથી. તેનાથી સંબંધિત મહિલાની ગરિમા પર અસર કરે છે. દુર્ભાગ્યવશ બોમ્બે હાઈકોર્ટે પત્ની માટે રખાત જેવા શબ્દોનો ઉપયોગ કર્યો હતો.'સુપ્રીમ કોર્ટે કહ્યું કે, 'જો કોઈ કોર્ટ બંનેના વિવાહને ગેરકાયદે કે અમાન્ય જાહેર કરે અથવા તો રદ કરે તો પણ ૧૯૫૫ એક્ટ હેઠળ ચાલુ કેસની અંતિમ પતાવટ સુધી કોર્ટ વચગાળાનું ભરણ-પોષણ આપી શકે છે. જો કે, તેમાં પક્ષકારોનું આચરણ ધ્યાનમાં લેવાશે.

---

### કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયાના હસ્તે ઉદ્‌ઘાટન થયું

# ગાંધીનગરમાં પ્રથમ BIMSTEC યુવા સમિટનું ઉદ્‌ઘાટન કર્યું

**યુવા બાબતોના વિભાગે ગુજરાતના ગાંધીનગરમાં પ્રથમ BIMSTEC યુવા સમિટના ઉદ્‌ઘાટન સત્રનું આયોજન કર્યું હતુ**

ગાંધીનગર,૧૩

ભારત સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના યુવા બાબતોના વિભાગે ગુજરાતના ગાંધીનગરમાં પ્રથમ BIMSTEC યુવા સમિટના ઉદ્‌ઘાટન સત્રનું આયોજન કર્યું હતું, જેનો ઉદ્દેશ્ય સમગ્ર ક્ષેત્રમાં યુવા સહયોગને મજબૂત બનાવવા અને BIMSTEC સભ્ય દેશો વચ્ચે યુવા-નેતૃત્વ હેઠળની પહેલોના આદાન-પ્રદાનને સરળ બનાવવાનો હતો. આ સત્ર મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટર ખાતે યોજાયું હતું અને તેની અધ્યક્ષતા કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ કરી હતી.ઉદ્‌ઘાટન સમારોહમાં ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, યુવા બાબતો અને રમતગમત રાજ્યમંત્રી શ્રીમતી રક્ષા ખડસે અને વિદેશ મંત્રાલયમાં સચિવ (પૂર્વ) શ્રી જયદીપ મઝુમદાર અને ભારતીય ડેલિગેશનનું નેતૃત્વ કરનારા વડોદરાના સાંસદ ડો. હેમાંગ જોષી સહિત અનેક મહાનુભાવોએ હાજરી આપી હતી.

પોતાના સંબોધનમાં, ડૉ. માંડવિયાએ સ્થિતિસ્થાપક, સમૃદ્ધ અને એકબીજા સાથે જોડાયેલા BIMSTEC સમુદાયને આકાર આપવામાં યુવા નેતાઓની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો. તેમણે BIMSTEC ની ૧.૮ અબજ વસ્તીના ૬૦% થી વધુ હિસ્સો ધરાવતા પ્રદેશના યુવાનોની અપાર સંભાવના પર પ્રકાશ પાડ્યો અને ઝડપથી વિકસતા વૈશ્વિક પરિદૃશ્યમાં કૌશલ્ય વિકાસ અને તકોની જરૂરિયાત પર ભાર મૂક્યો. ડૉ. માંડવિયાએ યુવા સશક્તિકરણ પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતા પણ દર્શાવી, સ્કીલ ઈન્ડિયા મિશન, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અને પીએમ ઈન્ટર્નશિપ યોજના જેવી પહેલો પર પ્રકાશ પાડ્યો, જેણે AI, રોબોટિક્સ અને ડિજિટલ ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં ૧૫ મિલિયનથી વધુ યુવાનોને તાલીમ આપી છે. તેમણે ભારતના સમૃદ્ધ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ પર પણ પ્રકાશ પાડ્યો, જે હવે વિશ્વમાં ત્રીજા ક્રમનું સૌથી મોટું છે, જેમાં ૧૫૭,૦૦૦ થી વધુ સ્ટાર્ટઅપ્સમાંથી લગભગ અડધા મહિલાઓ દ્વારા સંચાલિત છે.તેમણે પ્રસ્તાવ મૂક્યો કે BIMSTEC દેશોએ નવીનતા અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે એક સંકલિત પ્રાદેશિક સ્ટાર્ટઅપ નેટવર્ક બનાવવા માટે સહયોગ કરવો જોઈએ. વધુમાં, ડૉ. માંડવિયાએ BIMSTEC ને ભારતના પ્રસ્તાવની જાહેરાત કરી, જે "યુવા સેતુ" તરીકે કામ કરશે, જે જ્ઞાન-વહેંચણી, નેતૃત્વ કાર્યક્રમો અને પ્રાદેશિક નેટવર્કિંગ તકો દ્વારા યુવા નેતાઓને સશક્ત બનાવવા માટે એક બહુ-ક્ષેત્રીય પહેલ છે. આ પહેલનો ઉદ્દેશ્ય એક પરિવર્તનશીલ પ્લેટફોર્મ બનાવવાનો છે જે ઉદ્યોગસાહસિકતા, રમતગમત, શિક્ષણ અને ટેકનોલોજીને એકીકૃત કરે છે.ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે તેમના ભાષણમાં માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝનનો પુનરોચ્ચાર કર્યો, બંગાળની ખાડીને જોડાણ, સમૃદ્ધિ અને સુરક્ષા માટે એક મહત્વપૂર્ણ સેતુ તરીકે વર્ણવી, જે પ્રાદેશિક એકીકરણ અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે જરૂરી છે. વિદેશ મંત્રાલયના સચિવ (પૂર્વ) શ્રી જયદીપ મઝુમદારે, BIMSTEC દેશોને બાંધતા સહિયારા ઈતિહાસ અને સામાન્ય મૂલ્યો પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે ૧.૭ અબજથી વધુ લોકોનું ઘર, આ પ્રદેશ પ્રચંડ તકો અને પડકારો પ્રદાન કરે છે, અને ભાર મૂક્યો હતો કે BIMSTEC ની તાકાત સરહદો પાર તેના ઊંડા સંબંધોમાં રહેલી છે.

ડૉ. માંડવિયા અને વડોદરાના સાંસદ ડો. હેમાંગ જોષીએ BIMSTEC યુવા પ્રતિનિધિઓ સાથે વ્યક્તિગત વાતચીત પણ કરી હતી, જે દરમિયાન તેમણે સરકારની વિકાસશીલ ભારત યુવા નેતાઓ સંવાદ પહેલ પર પ્રકાશ પાડ્યો હતો, જે ભારતીય યુવાનોને જોડવા, વિચારોનું આદાનપ્રદાન કરવા અને દેશના વિકાસમાં યોગદાન આપવા માટે સશક્ત બનાવે છે. સાત BIMSTEC સભ્ય દેશોના પ્રતિનિધિમંડળોના વડાઓએ પણ તેમના સંબંધિત દેશોની યુવા વિકાસ પહેલોનું પ્રદર્શન કર્યું, જેમાં યુવા વસ્તીને સશક્ત બનાવવા અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટેની વ્યૂહરચનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું.યુવા બાબતો અને રમતગમત રાજ્યમંત્રી શ્રીમતી રક્ષા ખડસેની અધ્યક્ષતામાં "વિકસિત ભારત@૨૦૪૭" વિષય પર એક સત્ર યોજાયું હતું, જ્યાં તેમણે ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર માટેના ભારતના વિઝનની રૂપરેખા આપી હતી, આ વિઝનને સાકાર કરવામાં યુવાનોની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો હતો.આ સમિટમાં "BIMSTEC દેશોમાં વિવિધતાની ઉજવણી" વિષય પર એક પેનલ ચર્ચા પણ યોજાઈ હતી, જેમાં પ્રાદેશિક સંબંધોને મજબૂત બનાવવામાં સાંસ્કૃતિક સમાવેશકતા, પરસ્પર સહયોગ અને સહિયારા વારસાના મહત્વ પર ચર્ચા કરવામાં આવી હતી. આ પછી "સમાવિષ્ટ આર્થિક વિકાસ અને ટકાઉપણું માટે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર" પર એક સત્ર યોજાયો હતો, જેમાં સમાન આર્થિક પ્રગતિ અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવામાં ટેકનોલોજીની ભૂમિકાની ચર્ચા કરવામાં આવી હતી.દિવસનો અંત દાંડી કુટીરની મુલાકાત સાથે થયો, જ્યાં પ્રતિનિધિઓએ મહાત્મા ગાંધીના જીવન અને વારસામાં ડૂબકી લગાવી, તેમના આદર્શો અને ભારતની સ્વતંત્રતા ચળવળમાં તેમના યોગદાન વિશે ઊંડાણપૂર્વક શીખ્યા.સમિટના પહેલા દિવસે અર્થપૂર્ણ આદાનપ્રદાન, વ્યવહારુ ચર્ચાઓ અને ભવિષ્ય માટે સહયોગી ઉકેલો અને ભાગીદારીની શોધ માટેનો માર્ગ મોકળો થયો. દિવસનો અંત સ્થાનિક કલાકારો દ્વારા વિવિધતામાં એકતા થીમ પર સાંસ્કૃતિક પ્રદર્શન સાથે થયો.

---

### બે ડેપ્યુટી CM બનાવવાની તૈયારીમાં ભાજપ

# દિલ્હીની નવી સરકારમાં દેખાશે મિનિ ઈન્ડિયાની ઝલક

**રાજધાનીને 'મિની ભારત'ના રૂપે દર્શાવવા માટે નવી કેબિનેટમાં બે નાયબ મુખ્યમંત્રી સામેલ કરવાના વિકલ્પ પર ચર્ચા કરવામાં આવી રહી છે**

નવીદિલ્હી,૧૩

દિલ્હીના ઓખલાથી આમ આદમી પાર્ટી ના ધારાસભ્ય અમાનતુલ્લાહ ખાનને રાઉઝ એવન્યુ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી. જે બાદ રાઉઝ એવન્યુ કોર્ટમાં તેમની આગોતરા જામીન અરજીની સુનાવણી થઈ હતી. કોર્ટે અમાનતુલ્લાહ ખાનની ધરપકડ પર ૨૪મી ફેબ્રુઆરી સુધી રોક લગાવી દીધી છે અને તપાસમાં જોડાવા જણાવ્યું છે. જામિયા નગરમાં પોલીસ ટીમ પર કથિત હુમલાનું નેતૃત્વ કરવાના આરોપમાં અમાનતુલ્લા વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી હતી.આપના ધારાસભ્ય અમાનતુલ્લાહ ખાન અને તેમના સમર્થકો વિરુદ્ધ સોમવારે (૧૦મી ફેબ્રુઆરી) પોલીસ ટીમ પર હુમલો કરવા, રમખાણો ભડકાવવા અને સરકારી કામમાં અવરોધ ઊભો કરવા સહિત વિવિધ કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. હત્યાના પ્રયાસના આરોપી શબાઝ ખાનને ક્રાઈમ બ્રાન્ચ ટીમની કસ્ટડીમાંથી છોડાવવા માટે આ કાર્યવાહી કરવામાં આવી હતી.દક્ષિણ-પૂર્વ જિલ્લાના ડેપ્યુટી પોલીસ કમિશનર રવિ કુમાર સિંહે જણાવ્યું હતું કે, 'પોલીસ ટીમ મોડી સાંજે ધારાસભ્યના ઘરે પૂછપરછ માટે ગઈ હતી, પરંતુ તે મળ્યા ન હતા.' વાસ્તવમાં ક્રાઈમ બ્રાન્ચની ટીમ આરોપીને પકડવા માટે જામિયા નગર ગઈ હતી. ધારાસભ્યની હાજરીમાં પોલીસ કાર્યવાહીમાં અવરોધ ઊભો થયો. ક્રાઈમ બ્રાન્ચમાં તહેનાત ઈન્સ્પેક્ટર સુનીલ કાલખંડેની ટીમ પર હુમલો થયા બાદ હત્યાના પ્રયાસના આરોપીને મુક્ત કરવામાં આવ્યો હતો. તે સમયે ધારાસભ્ય પણ ત્યાં હાજર હતા.ઉલ્લેખનીય છે કે, દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના નેતા અમાનતુલ્લાહ ખાન ઓખલા બેઠક પરથી ૨૩ હજારથી વધુ મતોના માર્જિનથી જીત્યા. અહીં તેમણે ભાજપના નેતા મનીષ ચૌધરીને હરાવ્યા. મનીષને કુલ ૬૫૩૦૪ મત મળ્યા, જ્યારે અમાનતુલ્લાહને કુલ ૮૮૯૪૩ મત મળ્યા હતા.

---

### આધુનિક સુવિધાઓથી સજ્જ

# દિલ્હીમાં ૧૫૦ કરોડના ખર્ચે RSSનું નવું આલિશાન હેડક્વાર્ટર બનીને તૈયાર થયુ

**આ ભવનનું નિર્માણ સાર્વજનિક દાનથી ૧૫૦ કરોડના ખર્ચે થયું છે તેનો ઉદ્દેશ્ય આરએસએસના વધતા કામોને સમર્થન આપે છે**

નવીદિલ્હી,૧૩

દિલ્હીમાં ૧૫૦ કરોડના ખર્ચે RSSનું નવું આલિશાન હેડક્વાર્ટર બનીને તૈયાર થઈ ગયું છે. આધુનિક સુવિધાઓથી સજ્જ પોતાના નવા કાર્યાલય પરિસર કેશવ કુંજનું રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એ બુધવારે દિલ્હીમાં ઉદ્ઘાટન કર્યું છે. આ આધુનિક સુવિધાઓથી સજ્જ છે. તે લગભગ ૫ લાખ વર્ગ ફુટમાં ફેલાયેલું છે. તેમાં ટાવર ઓડિટોરિયમ, એક લાઈબ્રેરી, એક હોસ્પિટલ અને એક હનુમાન મંદિર આવેલું છે. આ ભવનનું નિર્માણ સાર્વજનિક દાનથી ૧૫૦ કરોડના ખર્ચે થયું છે. તેનો ઉદ્દેશ્ય આરએસએસના વધતા કામોને સમર્થન આપે છે.

કેશવ કુંજની ડિઝાઈન એ રીતે બનાવી છે કે તેમાં આ કાર્યક્રમો, ટ્રેનિંગ અને બેઠકો માટે એક આદર્શ જગ્યા બનશે. લાઈબ્રેરી સંશોધન કાર્યોમાં મદદ કરશે. જ્યારે ઓડિટોરિયમમાં મોટા આયોજન કરી શકાશે. આ પરિસરમાં પાંચ બેડવાળી એક હોસ્પિટલ પણ આવેલી છે.આ પરિસર દિલ્હીના ઝંડેવાલામાં આવેલું છે અને ૪ એકરમાં ફેલાયેલું છે. તેને બનાવવામાં ૧૫૦ કરોડનો ખર્ચ થયો છે. તેનો આકાર ભાજપ હેડક્વાર્ટર કરતા પણ મોટો છે. તેમાં આરએસએસની ઓફિસ, આવાસીય જગ્યા અને ગતિવિધિઓ માટેની સુવિધાઓ હશે.આર એસએસના નવા હેડક્વાર્ટરમાં ત્રણ ટાવર આવેલા છે. તેનું નામ સાધના, પ્રેરણા અને અર્ચના રાખવામાં આવ્યું છે. આ ટાવરોમાં કૂલ મળીને ૩૦૦ રુમ છે. સાધના ટાવરમાં સંગઠન કાર્યાલય છે. બાકી બંનેમાં આવાસીય પરિસર છે. આ બંને આવાસીય ટાવરોની વચ્ચે એક ખુલ્લી જગ્યા છે. જેમાં એક સુંદર બગીચો અને આરએસએસના સંસ્થાપક કેશવ બાલિરામ હેડગેવારની મૂર્તિ પણ આવેલી છે.કેશવ કુંજ પરિસરમાં ૧૩૫ કારની પાર્કિંગ સુવિધા પણ આવેલી છે. જેને ભવિષ્યમાં ૨૭૦ કાર સુધી વિસ્તારિત કરી શકાશે. રિપોર્ટ અનુસાર, આરએસએસ કાર્યકર્તાઓ અને સંઘ સાથે જોડાયેલ લોકો આ પરિસરમાં દાન આપ્યું છે. લગભગ ૭૫,૦૦૦ લોકોએ ૫ રુપિયાથી લઈને લાખો રુપિયા સુધીનું ડોનેશન આપ્યું છે. આ ભવન રાજસ્થાન અને ગુજરાતના વાસ્તુકલાથી પ્રેરણા લઈને બનાવ્યું છે. તેમાં ૧૦૦૦ ગ્રેનાઈટ ફ્રેમનો ઉપયોગ કર્યો છે. લાકડાનો ઉપયોગ ઓછો કર્યો છે. આ કાર્યાલયમાં એક લાઈબ્રેરી પણ આવેલી છે. જેને કેશવ પુસ્તકાલયનું નામ આપવામાં આવ્યું છે.

---

## ફ્લાઇટ ક્રેશ થતા બચી, ૩૦૦થી વધુ મુસાફરોમાં ગભરાટ

નવીદિલ્હી,૧૩

પાયલોટે એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાવીને અકસ્માત બચાવ્યો હતો. આ દરમિયાન ફ્લાઈટમાં સવાર ૩૦૦થી વધુ મુસાફરોમાં હોબાળો મચી ગયો હતો. સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો છે, જેમાં પ્લેનના એન્જિનમાંથી જ્વાળાઓ નીકળતી જોવા મળી રહી છે. પ્લેન લગભગ ૩૦,૦૦૦ ફૂટની ઉંચાઈ પર હતું અને તેના એન્જિનમાંથી જ્વાળાઓ નીકળી રહી હતી, જેને જોઈને પ્લેનમાં બેઠેલા મુસાફરો ચોંકી ગયા હતા. લોકોએ બારીમાંથી જ્વાળાઓ જોઈ અને પાઈલટ ક્રૂને જાણ કરી, જેમણે એન્જિનમાં ટેકનિકલ ખામી શોધી કાઢી. ફ્લાઈટ ક્રેશ થવાના ડરને કારણે પાઈલટે ઈમરજન્સી લેન્ડિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પાયલોટે એટીસીનો સંપર્ક કર્યો અને ઈમરજન્સી લેન્ડિંગની પરવાનગી માંગી. નજીકના એરપોર્ટ પર ઉતરવાની પરવાનગી મળી. પાયલોટે એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાવીને અકસ્માત બચાવ્યો હતો. આ દરમિયાન ફ્લાઈટમાં સવાર ૩૦૦થી વધુ મુસાફરોમાં હોબાળો મચી ગયો હતો. પાયલોટ-ક્રુ મેમ્બર સહિત તમામ મુસાફરોના જીવ જોખમમાં મુકાયા હતા, પરંતુ ઈમરજન્સી લેન્ડિંગ થતાં જ એરપોર્ટ સ્ટાફે મુસાફરોને ઈમરજન્સી ગેટ પરથી બચાવી લીધા હતા અને ટેક્નિકલ ખામીને દૂર કરવા માટે વિમાન એન્જિનિયરોને સોંપ્યું હતું. આ રીતે ફ્લાઈટ ક્રેશ થતી બચી ગઈ. કહેવામાં આવી રહ્યું છે કે ફ્લાઈટ ડરબનથી ફ્લોરિડા જઈ રહી હતી ત્યારે રસ્તામાં આ ઘટના બની. વિમાનમાં સવાર તમામ લોકો સુરક્ષિત છે અને એરલાઈને અકસ્માતની તપાસના આદેશ આપ્યા છે. મુસાફરોને અન્ય ફ્લાઈટ દ્વારા તેમના ગંતવ્ય સ્થાને લઈ જવામાં આવ્યા છે.

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા ૨૭૫ મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ કેમ્પ યોજાયો



ચલાલા—અવિરત સેવાકાર્યો કરનાર યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા તાજેતરમાં ૨૭૫મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, સર્વરોગ કેમ્પ યોજાયો હતો. જેમાં રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલી, નિયામક આયુષ – ગાંધીનગર તથા આયુર્વેદ શાખા જીલ્લા પંચાયત અમરેલી, તથા સરકારી આયુર્વેદ દવાખાનું સરસીયા તથા સરકારી હોમીયોપેથી દવાખાનું જાળિયાના સંયુકત ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમે સેવા આપી હતી. આ કેમ્પનો શુભારંભ મંગલ દિપપ્રાગટયથી થયો હતો. આ પ્રસંગે સંસ્થા વડા પુ.ડો. રતિદાદા, અને ફોરેનથી આવેલ મહેમાનો દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. પુ.ડો.રતિદાદાએ બધાને સારૂ થઈ જાય પછી બીજાનું ભલું કરવું તેવી ભગવાનને પ્રાર્થના કરી હતી. સાથે વ્યસન મુકત રહેવું, સત્યનું પાલન કરવું અને બધા સાથે હળી મળીને રહેવું, યુકે નિવાસી સ્વ. હંસાબેન રામજીભાઈ ભાયાણી સ્મરણાર્થે તેઓના પરિવાર (હસ્તે. ભાયાણી પરિવાર યુ.કે.)ના આર્થિક સહયોગથી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ – રાજકોટ અને જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલીના સહયોગથી આ નેત્રયજ્ઞમાં આંખના દર્દીઓની ચકાસણી ડો. વાઘેલા કરી હતી, જે પૈકી ૨૮ દર્દીઓને રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ અને ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી નેત્રમણી પણ વિનામૂલ્યે બેસાડવામાં આવી હતી. દંતયજ્ઞમાં ડો. અવનીબેન દ્વારા અનેક દર્દીઓને દાંત કાઢી ચાંદી પણ વિનામૂલ્યે પૂરી આપવામાં આવી. આ કાર્યક્રમને સફળ બનાવવા ભારત ભુષણ મહેશભાઈ ભુવા, અને જાહેર સુખાકારી શ્રેત્રે એવોર્ડ વિજેતા મંજુબા તથા શીતલબેન વગેરે ખુબ જહેમત ઉઠાવી હતી.

### હવે નાણાકીય વર્ષના બધા ૧૨ મહિના ટેક્સ યર તરીકે ઓળખાશે

## ૧ એપ્રિલથી લાગુ થશે નવું આવકવેરા બિલ, ડ્રાફ્ટ તૈયાર

**નવા ટેક્સ બિલ ૨૦૨૫ માં નવી ટેક્સ સિસ્ટમ અંગે કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી અને બજેટમાં જાહેર કરાયેલા દરો એ જ રહેશે**

નવી દિલ્હી, તા.૧૩

નવું આવકવેરા બિલ ૨૦૨૫ ટૂંક સમયમાં લોકસભામાં રજૂ કરવામાં આવી શકે છે અને આ પહેલા તેની ડ્રાફ્ટ કોપી સામે આવી ગઈ છે, જે ૬૦૦ થી વધુ પાના લાંબી છે. જેમ પહેલા અનુમાન લગાવવામાં આવી રહ્યું હતું, તે જૂના આવકવેરા કાયદા કરતાં સરળ ભાષામાં હશે અને તેમાં સમાવિષ્ટ ઘણા શબ્દો બદલવામાં આવશે અથવા દૂર કરવામાં આવશે. આ ડ્રાફ્ટમાં પણ જોવા મળી રહ્યું છે.હવે નાણાકીય વર્ષના બધા ૧૨ મહિના ટેક્સ યર તરીકે ઓળખાશે, જ્યારે અસેસ્મેન્ટ યર શબ્દનો ઉપયોગ કરવામાં આવશે નહીં. આ ઉપરાંત, ડ્રાફ્ટમાં સ્ટાન્ડર્ડ ડિડક્શનથી લઈને કેપિટલ ગેઈન ટેક્સ સુધીની દરેક બાબત અંગે ચિત્ર સ્પષ્ટ કરવામાં આવ્યું છે. આ નવું ટેક્સ બિલ ૧ એપ્રિલ, ૨૦૨૬ થી અમલમાં આવશે.૬૨૨ પાના અને ૫૩૬ વિભાગોના આ ડ્રાફ્ટ મુજબ, અસેસ્મેન્ટ યરનો ઉપયોગ પૂર્ણ થઈ ગયો છે અને તેને હવે ટેક્સ યર તરીકે ઓળખવામાં આવશે. ડ્રાફ્ટમાં શેરબજાર માટે ટૂંકા ગાળાના મૂડી લાભના સમયગાળામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. કલમ ૧૦૧ (બી) હેઠળ, ૧૨ મહિના સુધીના સમયગાળાને ટૂંકા ગાળાના મૂડી લાભ તરીકે ગણવામાં આવશે. આ ઉપરાંત, તેના દરો પણ સમાન રાખવામાં આવ્યા છે. ટૂંકા ગાળાનો મૂડી લાભ કર ૨૦ ટકા પર યથાવત રાખવામાં આવ્યો છે.નવા આવકવેરા બિલ ૨૦૨૫માં બીજો મોટો ફેરફાર જોવા મળ્યો છે. કે તેમાં પાનાઓની સંખ્યા ઓછી થઈ ગઈ છે. આ આવકવેરા કાયદા ૧૯૬૧ની સરખામણીમાં ઘણું ઓછું છે, જે ૬૩ વર્ષ પહેલા અમલમાં હતું. ટેક્સ એક્ટ ૧૯૬૧માં કુલ ૮૮૦ પાના હતા, જે હવે ઘટાડીને ૬૨૨ કરી દેવામાં આવ્યા છે. જોકે, પ્રકરણ નંબર ૨૩ પર યથાવત રાખવામાં આવ્યો છે.આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ની તુલનામાં નવા કર બિલમાં આગામી મોટો ફેરફાર સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ એટલે કે સીબીડીટી સાથે સંબંધિત છે. બિલના ડ્રાફ્ટ મુજબ, અગાઉ આવકવેરા વિભાગને વિવિધ કર યોજનાઓ શરૂ કરવા માટે સંસદનો સંપર્ક કરવો પડતો હતો, પરંતુ નવા કર કાયદા ૨૦૨૫ મુજબ, હવે સીબીડીટી ને આવી યોજનાઓ સ્વતંત્ર રીતે શરૂ કરવાની સત્તા આપવામાં આવી છે. તેનો ઉદ્દેશ્ય અમલદારશાહી વિલંબની સમસ્યાને દૂર કરવાનો છે.આ સાથે, નવા ટેક્સ

### કોહલીના આંકડા જ તેની મહાનતા સાબિત કરે છે

## કોહલીનું ફોર્મ જરૂરી નથી, તે વિશ્વનો શ્રેષ્ઠ ખેલાડી છેઃ ગેઈલ

નવી દિલ્હી, તા.૧૩

વિરાટ કોહલી હાલમાં તેની કારકિર્દીમાં નબળા તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી તે બેટથી રન કરી શક્યો નથી. વેસ્ટ ઈન્ડિઝના પૂર્વ ઝંઝાવાતી બેટ્સમેન ક્રિસ ગેઈલે આ અંગે જણાવ્યું કે, કોહલીનું ફોર્મ જરૂરી નથી, તે વિશ્વનો શ્રેષ્ઠ ખેલાડી છે. ઈંગ્લેન્ડ સામે કટકમાં બીજી વન-ડેમાં પણ કોહલી ખાસ મોટી ઈનિંગ્સ રમી શક્યો નહતો અને ફક્ત પાંચ રન કરીને આઉટ થયો હતો. આઈપીએલમાં રોયલ ચેલેન્જર્સમાં સાથે રમી ચૂકેલો ક્રિસ ગેઈલ કોહલીના નબળા ફોર્મને લઈને ખાસ ચિંતિત નથી. ગેઈલે કોહલીનું સમર્થન કરતા જણાવ્યું કે, કોહલીનું ગમે તો ફોર્મ હોય પરંતુ તે દુનિયાના મહાન બેટ્સમેનોમાં સ્થાન ધરાવે છે. કોહલીના આંકડા અને તેણે તમામ ફોરમેટમાં ફટકારેલી સદી જ તેનો બોલતો પુરાવો છે. ક્રિકેટર તરીકે હું જાણું છું કે, દરેકના જીવનમાં આ તબક્કો આવે છે. કોહલીની કારકિર્દીના છેલ્લા ભાગમાં તેને આનો સામનો કરવો પડે છે પણ આ દરેક સાથે બનતું હોય છે. કોહલીએ ફક્ત પોતાના પર વિશ્વાસ જાળવી રાખતા ધમાકેદાર પુનરાગમન પર ધ્યાન આપવું જોઈએ. આંતરરાષ્ટ્રીય સ્તરે કોહલી ઘણા સમયથી રન કરવા સંઘર્ષ કરતો જોવાનું જોવા મળે છે. કોહલી વન-ડેમાં દબદબો ધરાવે છે અને ઈંગ્લેન્ડ સામેની ત્રણ વન-ડેની સિરીઝમાં તે ફોર્મ પરત મેળવશે તેવી અપેક્ષા હતી. ઘૂંટણની ઈજાને પગલે કોહલી ઈંગ્લેન્ડ સામે પ્રથમ વન-ડે રમ્યો નહતો. બીજી વન-ડેમાં તે આદિલ રશિદના બોલ પર વિકેટપાછળ કેચ આઉટ થયો હતો. શું કોહલી ચેમ્પિયન્સ ટ્રોફીમાં ગેઈલના સર્વાધિક રનનો રેકોર્ડ તોડશે તેવું પૂછતા કેરેબિયન ખેલાડીએ જણાવ્યું કે, તેના માટે વધુ ૨૦૦ રન કરીને આ રેકોર્ડ તોડવો સરળ છે. ભારતીય ટીમ કેટલી મેચ રમશે તે હું નથી જણાતો પરંતુ કોહલી વધુ ૨૦૦ રન નોંધાવી શકે છે અને તે સદી પણ ફટકારશે તેનો મને વિશ્વાસ છે. કોહલી લય મેળવી લેશે તો તેના માટે રેકોર્ડ તોડવો સરળ રહેશે.આ ઉપરાંત વન-ડેમાં સૌથી વધુ સિક્સર ફટકારવાનો ગેઈલનો રેકોર્ડ ભારતીય સુકાની રોહિત શર્માએ તોડતા ક્રિસ ગેઈલે તેને નવો કિંગ ગણાવ્યો હતો. રમત ક્ષેત્રને હંમેશા નવું મનોરંજન પુરું પાડનાર વ્યક્તિની જરૂર હોય છે અને રોહિત આટલા વર્ષોથી તે કરતો રહ્યો છે. હું પણ થોડંર ઘણું મનોરંજન કરી શક્યો. તે સિક્સરનો નવો કિંગ બન્યો છે અને તે બદલે તેને અભિનંદન આપું છું. યુવા ખેલાડી અભિષેક શર્મા વિશે ગેઈલે જણાવ્યું કે, ઈંગ્લેન્ડ સામેની ટી૨૦માં તેની આક્રમક સદી અંગે મે જાણ્યું અને યુવા ક્રિકેટર તરીકે આંતરરાષ્ટ્રીય સ્તરે આ સિદ્ધી મેળવવી કાબિલેદાદ છે. ગેઈલે ચેમ્પિયન્સ ટ્રોફીમાં વેસ્ટ ઈન્ડિઝની ગેરહાજરી અંગે નિરાશા વ્યક્ત કરી હતી.

### મુખ્યમંત્રીએ આપ્યું હતું રાજીનામું

## મણિપુરમાં મુખ્યમંત્રીના રાજીનામા બાદ લાગ્યું રાષ્ટ્રપતિ શાસન

**તાજેતરમાં મણિપુરના મુખ્યમંત્રી એન બિરેન સિંહે રાજીનામું આપ્યું હતું**

મણિપુર,તા.૧૩

કેન્દ્ર સરકારે મોટો નિર્ણય લેતા મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લગાવી દીધું છે. મહત્વનું છે કે તાજેતરમાં મણિપુરના મુખ્યમંત્રી એન બિરેન સિંહે રાજીનામું આપ્યું હતું. આ વચ્ચે રાજ્યના મુખ્યમંત્રી એન બિરેન સિંહે ૯ ફેબ્રુઆરીએ રાજીનામું આપી દીધું હતું. હવે ગૃહ મંત્રાલયે મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લગાવવાનું નોટિફિકેશન જાહેર કર્યુ છે. મણિપુરમાં ૨૧ મહિના કરતા વધુ સમયથી મૈતેઈ અને કુકી સમુદાય વચ્ચે હિંસા થઈ રહી છે. આ હિંસામાં ઘણા લોકોના મોત પણ થયા છે. ત્યારબાદ મણિપુરની ભાજપ સરકારમાં રાજ્યની કમાન સંભાળી રહેલા બિરેન સિંહે રાજ્યપાલ અજય કુમાર ભલ્લાને મળી પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું. ત્યારબાદ નવા મુખ્યમંત્રીના નામ પર સહમતિ માટે ભાજપના નેતાઓ વચ્ચે બેઠકો શરૂ થઈ હતી. મણિપુર પ્રભારી સંબિત પાત્રા દિગ્ગજ નેતાઓ સાથે બેઠક કરી રહ્યાં હતા. આ વચ્ચે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી બિરેન સિંહનું રાજીનામું એવા સમયે આવ્યું હતું જ્યારે કોંગ્રેસ તરફથી વિધાનસભામાં અવિશ્વાસ પ્રસ્તાવ આવવાનો હતો. રાજ્યના સીએમ એન બિરેન સિંહે ૯ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ રાજીનામું આપ્યું હતું, ત્યારબાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. મણિપુરના રાજ્યપાલ અજય કુમાર ભલ્લા અને અર્ધલશ્કરી દળના અધિકારીઓએ આજે ??રાજભવનમાં બેઠક યોજી હતી. આ દરમિયાન અધિકારીઓએ તેમને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ ની તૈનાતી અને ઓપરેશનલ પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી.

બંધારણના આર્ટિકલ ૧૭૪(૧) હેઠળ રાજ્ય વિધાનસભાએ પોતાની અંતિમ બેઠક બોલાવવી ફરજીયાત છે. મણિપુરમાં છેલ્લું વિધાનસભા સત્ર ૧૨ ઓગસ્ટ ૨૦૨૪ના બોલાવવામાં આવ્યું હતું. પરંતુ પાછલા દિવસોમાં બુધવારે વિધાનસભા સત્ર બોલાવવાની સમયમર્યાદા ખતમ થઈ ગઈ હતી.

### જયમિત પટેલ મેન ઓફ ધ મેચ

## સૌરાષ્ટ્રને ઇનિંગ્સથી હરાવીને ગુજરાત રણજી સેમિફાઇનલમાં

અમદાવાદ, તા.૧૩

પ્રિયજિત જાડેજા અને અરઝાન નાગવાસવાલા સહિતના બોલર્સની વેધક બોલિંગ સામે સૌરાષ્ટ્રની બેટિંગનું પતન થતાં ગુજરાતની ટીમે રાજકોટમાં રમાયેલી રણજી ટ્રોફી ક્વાર્ટર ફાઈનલમાં એક ઈનિંગ્સ અને ૯૮ રનથી વિજય હાંસલ કરીને રણજી ટ્રોફીની સેમિફાઇનલમાં પ્રવેશ કરી લીધો હતો. ગુજરાત માટે સદી ફટકારનારા જયમિત પટેલને મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો. રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે રમાયેલી ક્વાર્ટર ફાઈનલમાં સૌરાષ્ટ્ર તેના બીજા દાવમાં ૧૯૭ રનમાં આઉટ થઈ ગયું હતું. આ મેચમાં સૌરાષ્ટ્રએ તેના પ્રથમ દાવમાં ૨૧૬ રનનો સ્કોર નોંધાવ્યો હતો જેના જવાબમાં ગુજરાતે જયમિત પટેલ અને ઉર્વિલ પટેલની સદીની મદદથી ૫૧૧ રનનો વિશાળ સ્કોર રજૂ કર્યો હતો. આમ સૌરાષ્ટ્ર ઈનિંગ્સના પરાજયથી બચવા માટે ૨૯૬ રનના દેવા સામે રમી રહ્યું હતું. મંગળવારે મેચના ચોથા દિવસે તે ૧૯૭ રનમાં આઉટ થઈ ગયું હતું.સૌરાષ્ટ્રની ટીમે મંગળવારે ચોથા દિવસની રમતનો પ્રારંભ વિના વિકેટે ૩૩ રનના સ્કોરથી કર્યો ત્યારે એમ લાગતું હતું કે તેઓ લડત આપીને મેચને રસપ્રદ બનાવશે પરંતુ તેમ બન્યું ન હતું. ગુજરાતના ઝડપી બોલર અરઝાન નાગવાસવાલા અને પ્રિયજિત જાડેજાએ સુંદર બોલિંગ કરી હતી. ૨૮મી ઓવરમાં ૬૭ રનના સ્કોરે ગુજરાતને પ્રથમ સફળતા અપાવતાં પ્રિયજિતે ઓપનર ચિરાગ જાનીને આઉટ કર્યો હતો. જાનીએ ૨૬ રન કર્યા હતા. અનુભવી બેટ્સમેન ચેતેશ્વર પૂજારા માત્ર બે રન કરી શક્યો હતો અને ૩૦મી ઓવરમાં જાડેજે તેને પણ આઉટ કરી દીધો હતો. આમ સૌરાષ્ટ્ર મુશ્કેલીમાં મુકાઈ ગયું હતું.ફર્સ્ટ કલાસ ક્રિકેટમાં પોતાની કારકિર્દીની અંતિમ મેચ રમી રહેલો શેલ્ડન જેક્સન ૨૭, વર્તમાન સિઝનમાં અગાઉની મેચોમાં શાનદાર પ્રદર્શન કરનારો અર્પિત વસાવડા ૧૧, પ્રેરક માંકડ આઠ અને સમર ગજ્જર સાત રનના અંગત સ્કોરે આઉટ થઈ જતાં પાંચ દિવસની આ મેચ ચોથા દિવસે જ પૂરી થઈ જશે તેની ખાતરી થઈ ગઈ હતી.પ્રિયજિત અને નાગવાસવાલા વેધક બોલિંગ કરી રહ્યા હતા તો તેમને સામે છેડેથી આઈપીએલના સફળ બોલર રવિ બિશ્નોઈનો પણ સહકાર સાંપડ્યો હતો. બિશ્નોઈએ બે મહત્વના ખેલાડી શેલ્ડન જેક્સન અને સમર ગજ્જરને આઉટ કર્યા હતા. વર્તમાન સિઝનની અગાઉની મેચોમાં ઢગલાબંધ વિકેટો ખેરવનારા સ્પિનર સિદ્ધાર્થ દેસાઈને આ ઈનિંગ્સમાં વિકેટ મળી ન હતી. જાડેજાએ ચાર, નાગવાસવાલાએ ત્રણ, બિશ્નોઈએ બે અને કેપ્ટન ચિંતન ગજાએ એક વિકેટ લીધી હતી. સૌરાષ્ટ્ર માટે ઓપનર હાર્વિક દેસાઈએ સર્વોચ્ચ સ્કોર નોંધાવતાં ૧૦૩ બોલની મક્કમ ઈનિંગ્સમાં ૫૪ રન ફટકાર્યા હતા જેમાં નવ ચોગ્ગાનો સમાવેશ થતો હતો. આ વિજય સાથે ગુજરાતની ટીમે રણજી ટ્રોફી ૨૦૨૪-૨૫ની સિઝનની સેમિફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. સેમિફાઈનલમાં તેનો મુકાબલો કેરળ અને જમ્મુ-કાશ્મીરની ટીમ વચ્ચેની મેચના વિજેતા સામે થશે.

## ભૂકંપના આંચકાથી ધ્રૂજી ગુજરાતની ધરા, બનાસકાંઠામાં ૩.૮ની તીવ્રતાનો ભૂકંપ

બનાસકાંઠા,તા.૧૩

ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં ભૂકંપના આંચકા અનુભવાય છે. ભૂકંપનું કેન્દ્રબિંદુ દાંતીવાડા તાલુકાનું ડેરી ગામ હોવાનું સામે આવ્યું છે. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૩.૮ નોંધાઈ હતી. ભૂકંપને લઈ અત્યાર સુધી કોઈ જાનહાનિ કે નુકસાનના સમાચાર સામે આવ્યા નથી. પાલનપુરથી ૩૪ કિલોમીટર ઉત્તર પશ્ચિમમાં કેન્દ્ર બિંદુ નોંધાયું છે. ૩.૩ કિમીની ઊંડાઈ પર ભૂકંપનું કેન્દ્ર બિંદુ નોંધાયું છે. દાંતીવાડા તાલુકામાં ભૂકંપના આંચકાને લઈ લોકોમાં ભય ફેલાયો છે.

બનાસકાંઠા જિલ્લામાં સાંજે ૫ઃ૨૮ કલાકે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. રિક્ટર સ્કેલ પર ૩.૮ની તીવ્રતા ધરાવતા આ ભૂકંપનું કેન્દ્રબિંદુ પાલનપુરથી ૩૪ કિલોમીટર ઉત્તર દિશામાં નોંધાયું હતું. ૩.૩ કિલોમીટરની ઊંડાઈ પર ભૂકંપનું કેન્દ્ર બિંદુ નોંધાયું છે.

### વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લેવા આશ્વાસન

## નર્સિંગની પરીક્ષામાં છબરડાને લઈને આરોગ્ય મંત્રીએ બોલાવી બેઠક

**આરોગ્ય મંત્રીની અધ્યક્ષતામાં બેઠક કરવામાં આવી હતી જેમાં વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લેવાની વાત કરવામાં આવી છે**

અમદાવાદ,તા.૧૩

ગુજરાતમાં છાશવારે પરીક્ષાના પેપર ફૂટવાથી લઈને પરીક્ષામાં થતાં ગોટાળાને લઈને પ્રશ્ન થતાં રહે છે. ત્યારે હવે ફરીથી નર્સિંગની પરીક્ષામાં પણ ગોટાળો સામે આવ્યો છે, જેને લઈને રાજ્યભરમાં વિવાદ થઈ રહ્યો છે. નર્સિંગ પરીક્ષાની આન્સર કીમાં એબીસીડી પ્રમાણે જવાબ ગોઠવાયા હતાં.

લોકોનો આરોપ છે કે, ચોક્કસ લોકોને ફાયદો પહોંચાડવા માટે આ પ્રકારનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પરિણામે ગુજરાત ટેક્નિકલ યુનિર્સિટી અને રાજ્ય આરોગ્ય વિભાગ શંકાના ઘેરામાં મૂકાયું છે. આ દરમિયાન જીટીયુએ આ સમગ્ર મામલે રાજ્ય આરોગ્ય વિભાગને એક રિપોર્ટ સુપરત કર્યો છે. આ મુદ્દે ગુરૂવારે (૧૩ ફેબ્રુઆરી) આરોગ્ય મંત્રીની અધ્યક્ષતામાં બેઠક કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લેવાની વાત કરવામાં આવી છે.

નર્સિંગ પરીક્ષામાં છબરડાને લઈને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં બેઠક બોલાવવામાં આવી હતી. લગભગ ૨ થી ૩ કલાક આ બેઠક ચાલી હતી, જેમાં સમગ્ર મુદ્દે ર્નાના રજિસ્ટ્રાર અને આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી. આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓમાં તૃપ્તિ દેસાઈ અને આરોગ્ય કમિશનર હર્ષદ પટેલ આ બેઠકમાં હાજર રહ્યાં હતાં. હાલ આ બેઠક પૂર્ણ થઈ ચુકી છે અને વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લેવાશે તેવી વાત કરવામાં આવી છે.

સમગ્ર મુદ્દે આરોગ્ય કમિશનરે જણાવ્યું કે, GTU ના વાઈસ ચાન્સલર્સ અને અમે તમામ બાબતોને ધ્યાનમાં લઈને બ્રિફિંગ કરવામાં આવ્યું છે. આગળ તમામ બાબતોને ધ્યાનમાં લઈને સરકાર સક્ષમતા પૂર્વક નિર્ણય લેશે. આ સિવાય વિદ્યાર્થીઓને આશ્વાસન આપવામાં આવ્યું કે, નિર્ણય વિદ્યાર્થીઓના હિતમાં જ લેવાશે.

૧૯૦૩ સ્ટાફ નર્સની જગ્યા માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે, ત્યારે સ્ટાફ નર્સની પરીક્ષા સામે સવાલો ઉઠ્યાં છે. આરોગ્ય વિભાગે ગુજરાત ટેકનિકલ યુનિવર્સિટીને પરીક્ષાની જવાબદારી સોંપી હતી. પરંતુ, અલગ-અલગ પ્રકારના પેપરના જવાબમાં આન્સર-કી માં એબીસીડી ક્રમમાં સાચા જવાબ લખાયા હતાં. જેથી પરીક્ષામાં કૌભાંડની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. સામાન્ય રીતે આન્સર કીમાં વિકલ્પરૂપી જવાબ ક્રમબદ્ધ નથી હોતા જેના કારણે આ મામલે વિવાદ થઈ રહ્યો છે.

# સરભંડા : કે. કે. શાહ જનતા વિદ્યાલયમાં વાર્ષિકોત્સવ ઉજવાયો



અમરેલી ગતરોજ કેકેશાહ જનતા વિદ્યાલય–સરંભડા ખાતે શાળાનો વાર્ષિકોત્સવ ભવ્ય અને દિવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. આ તકે શાળામાં છેલ્લા ૧૭ વર્ષથી ફરજ બજાવતા અંગ્રેજીના શિક્ષક રણજીતસિંહ રાઠવાની માધ્યમિક શાળાના આચાર્યપદે તેમના વતનમાં નિયુકિત થતા તેમની સેવાની નોંધ લઈને સમગ્ર ગામ અને શાળા પરિવાર દ્વારા તેમને ભવ્ય વિદાયમાન આપવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્ર શાળા ફી નિર્ધારણ સમિતિના સદસ્ય અને અમરેલી જિલ્લા માધ્યમિક શાળા આચાર્ય સંઘના પ્રમુખ મુકુન્દભાઈ મહેતાના મુખ્ય મહેમાનપદે તેમજ સહકારી ક્ષેત્રના આગેવાન દલસુખભાઈ દુધાત અને ડો.જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ ના મેનેજીંગ ટ્રસ્ટી મોટાભાઈ સંવટની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ ઝાઝરમાન કાર્યક્રમમાં ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની આગામી સમયમાં પરિક્ષાઓ શરૂ થતી હોય તેઓને વિદાય આપીને પરિક્ષામાં સફળતા મેળવે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. શાળાના આચાર્ય દિગંતભાઈ ઉપાધ્યાયના માર્ગદર્શનમાં યોજાયેલ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ઉપસ્થિત મહાનુભાવોને હસ્તે ચાંદીના મેડલ તથા સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. શાળાના શિક્ષક રણજિતસિંહ રાઠવાની તેમના વતન છોટાઉદેપુર તાલુકામાં આચાર્ય તરીકે બદલી થતા તેમને સરંભડા ગામ અને માધ્યમિક તથા પ્રાથમિક શાળા તેમજ વિદ્યાર્થીઓ દ્વારા ભવ્ય વિદાયમાન આપવામાં આવ્યું હતું. સર્વોદય સરસ્વતી મંદિર બાબાપુર નિયામક સુ.મંદાકિનીબહેન પુરોહિતના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ પરંતુ સંજોગોવશાત તેઓ આવી ન શકતા તેઓએ તથા વિપુલભાઈ વ્યાસ, સુરેશભાઈ હિરપરા, નિતિનભાઈ બોરાણીયા તેમજ શાળાના પૂર્વ આચાર્ય કાલીપ્રસાદ જોષી દ્વારા શુભેચ્છા સંદેશ પાઠવવાના આવેલ હતા. જાણીતા કોલમીસ્ટ મોટીવ્શનલ સ્પીકર અને તાતણીયા હાઈસ્કૂલના આચાર્ય ધર્મેન્દ્રભાઈ કનાલા દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષામાં ડર નહી રાખવા અને જીવનમાં પોઝીટીવ વિચારોને પ્રાધાન્ય આપી આગળ વધવા શીખ આપી હતી. આ તકે મોટાભાઈ સંવટ, દલસુખભાઈ દુધાત, દિગંતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ ભટ્ટ, આશીષભાઈ ભટ્ટ સહિતના વકતાઓએ વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી શાળાના બદલી પામેલ શિક્ષક રણજિતસિંહ રાઠવાની સેવાની નોંધ લઈને તેમને નવાજીને શાલ, પુષ્પમાલા, સન્માનપત્ર આપીને સહુ ગ્રામજનોની ઉપસ્થિતિમાં ભવ્ય સન્માન કરીને તેમને વિદાયમાન આપ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા પણ વિવિધ ભેટો આપીને સન્માન કરાયું હતું. આ તકે ગામના આગેવાનો સર્વ ધીરૂભાઈ ગઢીયા, પૂર્વ આચાર્ય કુરજીભાઈ સુરાણી, વિઠલભાઈ ગોંડલિયા, સરપંચ પ્રતિનિધિ વિનુભાઈ દુધાત, રવજીભાઈ કાછડીયા, વિનુભાઈ દોંગા, કડવાભાઈ હરખાણી, નટુભાઈ દોંગા, અશોકભાઈ દુધાત સહિત શાળા પરિવારના સર્વ જયંતિભાઈ સોલંકી, અનિરૂદ્ધભાઈ કોટડીયા, રૂચિતાબેન સાવલિયા, ગોવિંદભાઈ રાઠોડ, સુખલાલ જોટંગિયા પ્રાથમિક શાળાના આચાર્ય શ્રીમતી સાવલિયા સહિત સ્ટાફ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમનું સંચાલન આશીષભાઈ ભટ્ટ તથા રૂચિતાબહેન સાવલિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસ વિદ્યાસભા ખાતે વસંતોત્સવની તડામાર તૈયારીઓ શરૂ




સૌરાષ્ટ્રનો સૌથી મોટો શૈક્ષણિક સંસ્થાનો વાર્ષિકોત્સવ વસંતોત્સવ ૨૦૨૫ આગામી ૧૫ ફેબ્રુઆરી શનિવારના રોજ સાંજે ૭ :૩૦ કલાકે શ્રીમતી એસ.એસ. ગજેરા કેમ્પસ વિદ્યાસભા ખાતે યોજાશે. અમરેલી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા અમરેલી ખાતે ૧૨ થી ૧૫,૦૦૦ વર્તમાન અને ભૂતપૂર્વ સ્ટાફ સ્ટુડન્ટ પેરેન્ટસ તેમજ શિક્ષણ પ્રેમી લોકો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આયોજન થઈ રહ્યું છે. કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ એવા સંતવાણી ગજેરા, અશોકભાઈ ગજેરા તેમજ સાસંદ રૂપાલા, ભરતભાઈ સુતરીયા તેમજ અમરેલીના ધારાસભ્યો અને સામાજિક રાજકીય આગેવાનોની ઉપસ્થિતિમાં કાર્યક્રમનું આયોજન થશે. કાર્યક્રમમાં વર્તમાન અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કે જેઓએ સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે તેવા તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન તેમજ રમતગમતમાં રાજય અને નેશનલ લેવલે મેડલ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓનો સન્માન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમનું ભવ્ય આયોજન થનાર હોય જેમાં તમામને આમંત્રણ આપવામાં આવ્યા છે. સંસ્થાના ૬૬ વર્ષ પૂરા થતા હોય જેની ઉજવણી સ્વરૂપે આ અત્યાર સુધીનો સૌથી મોટો ભવ્ય કાર્યક્રમ થાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી તેમજ મંત્રી ચતુરભાઈ ખૂંટ તેમજ તમામ સ્ટાફ કાર્યક્રમને સફળ બનાવવા સતત પ્રયાસ કરી રહ્યાં છે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીમાં એપ્રિલ–મે મહિના માટે**

ત્યારે ડેમનાં પાણી ખૂબ જ ડહોળા અને લીલાશ પડતાં થઈ જાય છે. જે બાબતે સ્થાનિક સિંચાઈ વિભાગ પણ વાકેફ છે તેમજ વડી ડેમમાં માહે માર્ચ અંતિત ડેમનાં પાણી સિંચાઈ માટે કેનાલોમાં છોડવામાં આવતાં હોવાનાં કારણે ડેમ ખાલી થવાથી સીપેજ બંધ થઈ જવાથી વડી ડેમનાં સીપેજ વોટર પણ મળતાં બંધ થઈ જાય છે અને ધારી ખોડીયા ડેમ ખાતે અમરેલી નગરપાલિકાનાં રીઝર્વેશનમાંથી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ પાણી ઉપાડે છે તેમજ આ ઈન્ટેકવેલમાંથી ચલાલા નગરપાલિકા પણ પાણી ઉપાડે છે. આમ આ ઈન્ટેકવેલની ક્ષમતા કરતાં પમ્પીંગ વધારે થતું હોવાથી અમરેલી નગરપાલિકા પાણી ઉપાડી શકતી નથી. જો આ સંજોગોમાં પાણી ઉપાડવું હોય તો પાણીનાં કુલ ઉપાડ સામે ઈન્ટેકવેલની ઈનલેટ ક્ષમતામાં વધારો કરવો પડે તેમજ તેમાં જમા થયેલા ગાળ દુર કરવા પડે.

વધુમાં જણાવેલ છે કે, શરૂ વર્ષે ઉનાળામાં અમરેલી નગરપાલિકાને મહી પરીએજ યોજનાના પાણી મળતાં બંધ થયેથી ઠેબી ડેમ તેમજ વડી ડેમનાં સીપેજનાં પાણી મળતાં રહે તે માટે આ બન્ને જળાશયો સરકારની "સૌની યોજના" નાં ટેપીંગ પોઈન્ટ ધરાવતાં હોય. જેથી આ પાણીથી ઉનાળામાં પણ ભરાયેલા રહે તો શહેરીજનોને પીવાના પાણીને લગતી સમસ્યાનાં નિરાકરણ થઈ શકે અને સ્થાનિક સ્ત્રોતમાંથી પાણી વિતરણ માટેની વ્યવસ્થા ગોઠવી શકાય. આમ આ તમામ બાબત અમરેલી શહેરની આવશ્યક સેવાને લગત હોય તેમજ અમરેલી શહેરનાં હિત માટે અનેક પાણી પુરવઠાની યોજનાઓ મંજુર કરાવેલ હોય. જે અન્વયે શહેરની પાણી પુરવઠા વિતરણ વ્યવસ્થા સુદ્રઢ બનેલ છે જે બાબતે અમરેલી શહેર કાયમીપણે આભારી રહેશે. શહેર માટે શરૂ વર્ષે ઉનાળામાં પાણીની કટોકટી ન સર્જાય અને પાણી પુરવઠાની સેવા અવિરત જાળવી શકાય તે માટે આ બન્ને જળાશયો "સૌની યોજના" હેઠળનાં પાણીથી ભરવામાં આવે તેમ અંતમાં જણાવેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૨૫ | ૧૪૬૫ |
| ૨ | મગફળી | ૯૭૫ | ૧૦૦૧ |
| ૩ | ઘઉં | ૩૧૦ | ૬૦૨ |
| ૪ | ચણા | ૭૭૫ | ૧૧૧૧ |
| ૫ | સફેદ તુવેર | ૧૨૭૬ | ૧૩૬૧ |
| ૬ | ધાણા | ૧૦૦૫ | ૧૦૦૫ |
| ૭ | મકાઈ | ૪૬૬ | ૪૬૬ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૪૦ | ૧૧૦૫ |
| ૨ | શિંગ ગીરનારી | ૧૦૮૦ | ૧૨૪૨ |
| ૩ | શિંગ મોટી | ૯૦૦ | ૧૧૨૪ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૦૨ | ૧૨૭૦ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૭૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૪૦૦ | ૨૪૭૦ |
| ૭ | બાજરો | ૬૮૧ | ૭૦૦ |
| ૮ | જુવાર | ૮૮૨ | ૧૦૨૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૫૭ | ૭૧૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૫૮ | ૬૨૦ |
| ૧૧ | મકાઈ | ૪૫૫ | ૪૫૫ |
| ૧૨ | અડદ | ૭૫૦ | ૧૨૬૦ |
| ૧૩ | ચણા | ૧૦૧૨ | ૧૧૩૮ |
| ૧૪ | તુવેર | ૧૦૧૧ | ૧૪૬૪ |
| ૧૫ | વાલ | ૯૭૦ | ૯૭૦ |
| ૧૬ | કપાસ | ૯૮૦ | ૧૪૮૮ |
| ૧૭ | એરંડા | ૧૨૦૦ | ૧૨૧૩ |
| ૧૮ | જીરૂ | ૩૦૦૦ | ૩૬૨૦ |
| ૧૯ | રાયડો | ૯૪૫ | ૯૪૫ |
| ૨૦ | ધાણા | ૧૦૦૦ | ૧૪૨૫ |
| ૨૧ | અજમા | ૧૦૦૦ | ૨૦૫૦ |
| ૨૨ | સોયાબીન | ૬૦૦ | ૭૯૫ |
| ૨૩ | મરચા લાંબા | ૩૦૦ | ૩૪૭૦ |

## ધો. ૧૦–ધો. ૧૨ બોર્ડની પરીક્ષા વિદ્યાર્થીઓના માર્ગદર્શન માટે આચાર્ય અને શિક્ષકના નામ અને સંપર્ક નંબર જાહેર

અમરેલી, તા.૧૩

આગામી ફેબ્રુઆરી અને માર્ચ–૨૦૨૫ માં ધો. ૧૦ અને ધો. ૧૨ની બોર્ડ પરીક્ષાઓ યોજાશે. વિદ્યાર્થીઓને પરીક્ષા બાબતે મૂંઝવણ હોય તો તે અંગે માર્ગદર્શન પ્રાપ્ત કરી શકે તે માટે આચાર્ય અને શિક્ષકઓના નામ અને સંપર્ક નંબર જાહેર કરવામાં આવ્યા છે. (૧) કિરિટભાઈ જોટવા સુ.સા. હાઈસ્કૂલ (વડીયા) મો. ૯૮૯૮૪ ૬૭૯૯૯ (૨) વી.બી. અગ્રાવત પારેખ અને મહેતા હાઈસ્કૂલ (જાફરાબાદ) મો. ૯૪૨૬૯ ૮૫૭૩૫ (૩) સી.પી. ગોંડલીયા સ્વામી વિદ્યાલય વાંકિયા (અમરેલી) મો. ૯૪૨૭૨ ૩૧૮૨૫ (૪) સોનલબેન મશરૂ સનરાઈઝ હાઈસ્કૂલ સાવરકુંડલા મો. ૯૪૨૯૨ ૫૭૨૬૮ (૫) પી.ડી. પટાટ જી.એન. દામાણી હાઈસ્કૂલ ધારી મો. ૯૮૨૫૭ ૩૬૫૫૦ (૬) ધર્મેન્દ્રભાઈ કનાળા જનતા વિદ્યાલય તાતણીયા ખાંભા મો. ૯૯૯૮૩ ૨૦૦૪૫ (૭) હસમુખભાઈ કરડ અમૃતબા વિદ્યાલય લીલીયા મો. ૯૪૨૮૮ ૩૬૮૩૬ (૮) અનિલભાઈ પરમાર સરકારી માધ્યમિક શાળા દેવકા રાજુલા મો. ૭૫૬૭૦ ૩૧૩૩૩ (૯) વિપુલભાઈ ભટ્ટ, એલ.કે. બાબરિયા હામાપુર (બગસરા) મો. ૯૪૨૭૭૪૨૨૭૧ છે. પરીક્ષા અંગે વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની મૂંઝવણ હોય તો તે આ નંબર પર સંપર્ક કરી માર્ગદર્શન પ્રાપ્ત કરી શકશે. તેમ અમરેલી જિલ્લા શિક્ષણાધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

પાના ૮ ઉપરનું ચાલું **ભાજપ કરે છે શામ, દામ, દંડ**

કર્યો હતો.

તેઓએ વિઠ્ઠલપુર ખંભાળીયા ગામની યુવતી પાયલ અને તેમનાં પરિવારની મુલાકાત લીધી હોવાનું જણાવીને કહ્યું કે અમરેલી પંથકની દીકરીનું સરઘસ કાઢવાની ઘટના એ સમગ્ર રાજયની દીકરીનું અપમાન હોવાનું જણાવીને હજુ સુધી થયેલ તપાસનો અહેવાલ જાહેર થતાં આશ્ચર્ય વ્યકત કર્યુ હતું.

તેઓની સાથે જિલ્લા કોંગી પ્રમુખ પુનાભાઈ દુધાત, પૂર્વ પ્રમુખ ડી.કે. રૈયાણી, યુવક કોંગ્રેસ પ્રમુખ સંદિપ ધાનાણી, શહેર પ્રમુખ સંદિપ પંડયા સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૪૦ | ૧૫૫૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૪૦ | ૧૩૯૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૦૪૫ | ૧૦૭૫ |
| ૪ | મગફળી બી.ટી. | ૧૦૦૫ | ૧૦૪૫ |
| ૫ | ઘઉં | ૫૦૮ | ૬૬૨ |
| ૬ | ચણા | ૧૧૦૯ | ૧૧૪૧ |
| ૭ | તુવેર | ૧૨૨૫ | ૧૩૯૫ |
| ૮ | જીરૂ | ૩૫૧૦ | ૩૮૮૦ |
| ૯ | સોયાબીન | ૭૪૫ | ૭૬૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૨૦ | ૧૦૪૦ |
| ૨ | શીંગ મોટી | ૯૭૦ | ૧૦૮૪ |
| ૩ | શીંગ ગીરનાર | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૪ | તલ સફેદ | ૧૬૭૭ | – |
| ૫ | તલ પીળા | ૨૪૪૬ | – |
| ૬ | જીરૂ | ૩૬૪૨ | ૪૧૩૦ |
| ૭ | કપાસ | ૧૩૦૦ | ૧૪૫૧ |
| ૮ | ઘઉં લોકવન | ૬૦૦ | ૬૯૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૭૦૭ |
| ૧૦ | બાજરો | ૫૫૦ | ૬૫૦ |
| ૧૧ | જુવાર | ૫૦૦ | ૬૫૦ |
| ૧૨ | અડદ | ૮૦૦ | ૧૨૦૦ |
| ૧૩ | ચણા | ૧૦૦૦ | ૧૧૭૦ |
| ૧૪ | દેશી ચણા | ૧૨૦૦ | ૧૪૧૪ |
| ૧૫ | તુવેર | ૧૨૦૦ | ૧૪૩૦ |
| ૧૬ | તુવેર લાલ | ૧૨૫૦ | ૧૪૦૦ |
| ૧૭ | એરંડી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૮ | ધાણા | ૧૩૫૦ | ૧૯૬૨ |
| ૧૯ | સોયાબીન | ૬૦૦ | ૭૮૦ |

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં ધો. ૧૦માં**

આખરીઓપ આપવામાં આવી રહ્યો છે.

આ અંગેની વિગતો આપતા અમરેલી જિલ્લા શિક્ષાધિકારી મનોહરસિંહ ગોહિલએ જણાવ્યું કે, અમરેલી જિલ્લામાં ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા માટેની તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. ધોરણ ૧૦માં જિલ્લામાં અમરેલી અને સાવરકુંડલા એમ બે ઝોન બનાવાયા છે. તેમાં અમરેલી ઝોનમાં ૧૪ કેન્દ્રો, ૩૮ બિલ્ડીંગ, ૯૭૬૫ પરીક્ષાર્થીઓ રહેશે. જયારે સાવરકુંડલા ઝોનમાં પણ ૧૪ કેન્દ્રો, ૪૧ બિલ્ડીંગ અને ૯૭૩૦ પરીક્ષાર્થીઓ છે.

આ જ રીતે ધોરણ ૧૨ માં સામાન્ય પ્રવાહમાં અમરેલી ઝોનમાં ૯ કેન્દ્રો, ૨૧ બિલ્ડીંગ, ૫૩૧૫ છાત્રો, સાવરકુંડલા ઝોનમાં ૭ કેન્દ્ર, ૧૭ બિલ્ડીંગ, ૪૨૫૭ છાત્રો તેમજ વિજ્ઞાન પ્રવાહમાં અમરેલી ઝોનમાં ૩ કેન્દ્રો, ૯ બિલ્ડીંગ, ૧૩૪૯ છાત્રો પરીક્ષા આપશે.

જયારે સાવરકુંડલા ઝોનમાં બે કેન્દ્રો, બે બિલ્ડીંગ, ૩૭૯ છાત્રો પરીક્ષા આપશે. આમ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બન્ને મળીને કુલ ૩૦૭૩૫ છાત્રો બોર્ડ પરીક્ષા આપશે. આમ ૪૮ કેન્દ્રો પર ૧૨૮ બિલ્ડીંગોમાં બેઠક માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

આ જ રીતે મધ્યસય મુલ્યાંકન કેન્દ્રો અને સ્ટ્રોંગરૂમ પણ નક્કી કરવામાં આવ્યા છે. જયારે પરીક્ષામાં થતી ચોરી અટકાવવા માટે તમામ પરીક્ષા કેન્દ્રમાં સીસીટીવી કેમરા તથા ટેબ્લેટ દ્વારા ચોરીના દુષણને અટકાવવા માટે ખાસ નજર રાખવામાં પણ આવશે.

**જાહેર નોટિસ**

આથી હું નીચે સહી કરનાર કુલદિપ વિ. ભટ્ટ (એડવોકેટ) તે અમારા અસીલશ્રી હર્ષાબેન પ્રવિણભાઈ જોષી રે. બાબરા વાળાની સુચના અનુસાર લાગતા વળતા સર્વે ને આ જાહેર નોટીસ થી જાણ / તાકીદ કરૂ છું કે,

અમારા અસીલશ્રી એ અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે–બાબરા ગામે જુના ગામતળ વિસ્તારમાં રાવળશેરીમાં આવેલ રહેણાક મકાન કે જેના ચો.મી. ૧૨૭.૦૦ છે, અને આ મિલ્કત નગરપાલીકા કચેરી બાબરાના આકારણી અનુક્રમ નંબર / ટેનામેન્ટ નં– 1007399 ઉપર નોંધાયેલ છે, આ મિલ્કત અમારા અસીલશ્રીએ રજી. વેચાણ નં–૩૦૫/૨૦૦૦ તા.૦૮/૦૮/૨૦૦૦ ના રોજ શ્રી વિપ્ર વિનોદરાય રતિલાલ ત્રિવેદી પાસેથી યોગ્ય અવેજ ચુકવી ખરીદ કરેલ છે.

અને અમારા અસીલશ્રી આ મિલ્કત પર શ્રી નાગરીક સહકારી બેંક લી.– બાબરામાંથી નાણાંકીય સવલતો મેળવવા માંગે છે અને તે સબંધે અમારી પાસે એન.ઓ.સી. / ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

ઉપરોકત મિલ્કત માં કોઈ ઈસમ / વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી – અર્ધ સરકારી સંસ્થાનું હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/ વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૦૭ (સાત) માં લેખીતમાં આધાર પુરાવા સાથે લેખીતમાં જાણ કરવી, મુદત પૂર્ણ થયે કોઈના કોઈપણ જાતની તકરાર માન્ય રહેશે નહીં અને તેમણે પોતાના તમામ હકક હિસ્સા જતા કરેલ છે. તેમ માની અમો ઉપરોકત મિલ્કત ઉપર ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું, અને અમારા અસીલ બેંક સદરહું મિલ્કત મોર્ગેજ / ગીરોમાં લેશે અને પોતાનો ચાર્જ ઉભો કરશે. મુદત વિત્યે પાછળથી કોઈના કોઈપણ પ્રકારના વાંધા ચાલશે નહી, અને જો કરશે તો આ જાહેર નોટીસ થી રદબાતલ ગણાશે. જેની આ જાહેર નોટીસથી લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.


તા. ૧૩/૦૨/૨૦૨૫
સ્થળ :– બાબરા
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
(એડવોકેટ)

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૬૪ |
| ૨ | ઘઉં લોકવન | ૬૦૯ | ૬૧૪ |
| ૩ | ઘઉં ટુકડા | ૬૧૦ | ૬૨૫ |
| ૪ | ચણા છોલે | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૫ | જુવાર | ૫૦૦ | ૫૦૦ |
| ૬ | ચણા | ૯૫૦ | ૧૧૨૮ |
| ૭ | સોયાબીન | ૫૦૦ | ૭૬૫ |
| ૮ | ધાણા | ૧૨૯૫ | ૧૪૫૦ |
| ૯ | તુવેર | ૯૦૦ | ૧૪૧૬ |
| ૧૦ | મકાઈ | ૪૧૦ | ૪૧૦ |
| ૧૧ | શીંગફાડા | ૯૦૦ | ૧૦૫૦ |
| ૧૨ | મગફળી | ૭૪૦ | ૮૮૦ |
| ૧૩ | તલ | ૨૦૫૦ | ૨૦૫૦ |
| ૧૪ | તલ કાળા | ૩૧૨૦ | ૩૧૨૦ |
| ૧૫ | રાયડો | ૮૦૦ | ૮૫૦ |
| ૧૬ | વાલ | ૯૩૦ | ૯૩૦ |

## પીએમ ''મદદ'' ઇશ્વરીયા પ્રાથમિક શાળાનું ગૌરવ



અમરેલી, તા. ૧૩

સૌરાષ્ટ્ર પ્રદેશ કક્ષા કલા મહાકુંભ સ્પર્ધા ૨૦૨૪–૨૫ તા. ૮/૨/૨૫ થી ૧૧/૨/૨૫ દરમ્યાન જામનગર મુકામે યોજાયેલ જેમાં લોકવાર્તા સ્પર્ધામાં પીએમ ''મદદ'' ઈરીયા પ્રાથમિક શાળાના વિદ્યાર્થી વામજા જયરાજ સંગીતાબેનને પ્રથમ ક્રમાંક મેળવી શાળા તથા અમરેલી જિલ્લાનું ગૌરવ વધારેલ છે.

ગામ દેવળિયા મોટા રેવન્યુ સર્વે નં.૪૭૭ પૈકી ૩ ની
ખેતીની ખેડવાણ જમીન અંગે

**જાહેર નોટિસ**

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના મોજે ગામ દેવળિયા મોટાના રેવન્યુ સર્વે નં.૪૭૭ પૈકી ૩ ની જૂની શરતની ખેતીની કુલ જમીન હે.આર.ચો.મી. ૧–૦૫–૨૨ ના ક્ષેત્રફળ વાળી જમીન ભીખુભાઈ સવાભાઈ સોરઠીયાના સ્વતંત્ર નામે આવેલ છે, જે અંગેના તેઓના નામે રેવન્યુ રેકડર્ઝ ગામ નમુના નં.૭,૧૨,૮–અ ના ખાતા નં.૧૫૦૧ હક્કપત્રક નં.૩૩૫૩ તા.૨૦–૧૨–૨૦૦૮ વારસાઈ / હક્કપત્રક નં.૩૩૬૯ તા.૧૭–૦૩–૨૦૦૯ હકક કમીથી નોંધાયેલ છે. તે રીતે અને ત્યારથી સદરહુ ખેડવાણ જમીન તેઓના કબજા ભોગવટાની આવેલ છે.

સદરહુ ઉપરોક્ત ખેતીની ખેડવાણ જમીન તેઓના પાસેથી અમારા અસીલ ખરીદ કરવા માંગે છે તો તે ખેતીની જમીન પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર હોય કે કોઈનો હક્ક–હિસ્સો, હિત, ભાગ કે દર–દાવો કે વારસાઈ હકક હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ (૦૭) સાતમાં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે અમોને જાણ કરવી. જો ઉપરોક્ત મુદતમાં કોઈના તરફથી વાંધા તકરાર આવશે નહિ તો કોઈને વાંધો નથી અને આ હોય તો જતો (WAIVE) કરેલ છે. તેમ સમજીને સદરહુ ઉપરોક્ત ખેતીની જમીનનો અમારા અસીલ વેચાણ દસ્તાવેજ કરીને તેનો કબજો સંભાળી લેશે. ત્યારબાદ વાંધાઓ ચાલશે નહી તેની સર્વે નોંધ લેવી.

તા. ૧૪/૦૨/૨૦૨૫
જી.કે.મેહતા
ઠે. એસ.ટી.ડેપો બાજુમાં રાજકોટ–ભાવનગર રોડ,
તા.બાબરા જી.અમરેલી.. ૯૭૨૭૨ ૧૬૮૭૨

**જી.કે. મેહતા**
(એડવોકેટ)

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૮૬ | ૧૪૫૯ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૧૧ | ૧૪૫૯ |
| ૨ | સોયાબીન | ૬૧૧ | ૬૧૧ |
| ૩ | તુવેર | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ૪ | ધાણા | ૧૨૫૧ | ૧૧૫૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૦૦૦ |
| ૨ | તલ પીળા | ૨૪૯૩ | ૨૫૬૩ |
| ૩ | કપાસ | ૧૧૭૫ | ૧૪૬૫ |
| ૪ | બાજરો | ૫૪૬ | ૬૧૩ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૪૭ | ૭૦૮ |
| ૬ | જુવાર | ૫૭૫ | ૯૮૧ |
| ૭ | તુવેર | ૧૦૦૦ | ૧૪૩૩ |
| ૮ | ચણા | ૧૦૪૦ | ૧૧૨૭ |
| ૯ | સોયાબીન | ૭૧૨ | ૭૨૧ |

# અમરેલી : માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજમાં 'ભીત-પત્રિકા'નો અનાવરણ કાર્યક્રમ યોજાયો



અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેમ અમરેલીમાં તારીખ ૩/૨/૨૫ને સોમવારના રોજ કોલેજની પ્રથમ 'ભીત પત્રિકા'નો અનાવરણ કાર્યક્રમ આયોજીત થયો. 'ભીત પત્રિકા'નું અનાવરણ અમરેલીનાં સુપ્રસિધ્ધ લેખિકા અને વકતા ડો. કાલિંદીબેન પરીખના વરદ હસ્તે દીપપ્રાગટય અને રીબીન કટ કરીને કરવામાં આવ્યું હતું. 'ભીત પત્રિકા'નાં અનાવર કાર્યક્રમમાં કોલેજની સમગ્ર વિદ્યાર્થીનીઓ, પ્રેરણાદાણી લેખ, ચિત્ર અને રચનોની સુંદર પ્રસ્તુતિ કરવામાં આવી હતી. કાર્યક્રમના પ્રારંભે હિંદી વિભાગનાં અધ્યાપક ડો. અરવિંદ ઉપાધ્યાયએ કાર્યક્રમની રૂપરેખા પ્રસ્તુત કરી હતી. અને આઝાદીનાં સંગ્રામમાં ' ભીત પત્રિકા'ની ભૂમિકા વિશે અને ઈતિહાસ વિશે પોતાનું વ્યકતવ્ય પ્રસ્તુત કર્યુ હતુ. આ પ્રસંગે ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો.બી.આર.ચુડાસમા અને સંસ્કૃત વિભાગના અધ્યાક્ષ ડો. વિલાસબેન સોરઠિયા દ્વારા ડો. કાલિંદીબેન પરીખનું પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ડો.ચુડાસમાએ આ પ્રસંગે ' ભીત-પત્રિકા'ના સંપાદક હિંદી વિભાગના અધ્યક્ષ ડો.વેલિયત, ' ભીત-પત્રિકા'ના ઉપાધ્યાય, પત્રિકાનાં તમામ લેખક વિદ્યાર્થીનીઓ અને અધ્યાપકોને શુભેચ્છા પાઠવી હતી. પ્રસ્તુત ભીત પત્રિકા દર મહિને કોલેજના નોટીસબોર્ડમાં પ્રકાશિત કરવામાં આવશે તથા ડિઝીટલ માધ્યમાંથી પણ તમામ વિદ્યાર્થીનીઓ વાલીઓ તથા સાર્વજનિક રૂપે પ્રસિદ્ધ થશે. 'ભીત-પત્રિકા'ના અનાવરણ પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષ ડો.કાલિંદીબેન પરીખે પોતાના વકતવ્યમાં વર્તમાન સમયમાં લેખન અને વાચનના મહત્વ વિશે પોતાનું પ્રેરણાદાયક વ્યકતવ્ય આપ્યુ હતું. તેમણે કોલેજના ગ્રંથાલય માટે અમૂલ્ય પુસ્તકો ભેટ આપ્યા હતા. કોલેજની પ્રથમ ' ભીત-પત્રિકા'ને કોલેજની વિદ્યાર્થીનીઓ અને અધ્યાપકોએ સુશોભિત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંચાલન હિંદી વિભાગના અધ્યાપક ડો.અરવિંદ ઉપાધ્યાય કર્યુ હતું. અને આભાર દર્શન હિંદી વિભાગના અધ્યક્ષ ડો. વેલિયતએ કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા વિદ્યાર્થીનીઓ અને કોલેજના સમગ્રસ્ટાફ મેમ્બરની ઉત્તમ સહકાર પ્રાપ્ત થયો હતો.

### એસ સી.એસ.ટી. ઓબીસી શૈક્ષણિક અને સામાજિક સમિતિ દ્વારા

## સાવરકુંડલાના ગ્રામ્ય વિસ્તારોમાં પુસ્તિકા વિતરણ કરવામાં આવ્યું

**શરૂઆતમાં મોટા ઝીંઝુડા અને વંડાગામે વિતરણ**



સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલા એ.સી.એસ.ટી. ઓ.બી.સી શૈક્ષણિક અને સામાજિક સમીતી દ્વારા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં શૈક્ષણિક યાત્રાની શરૂઆત. મોટા ઝીંઝુડા અને વંડા ગામ વિસ્તાર શૈક્ષણિક જાગૃતિ કાર્યક્રમ પુસ્તિકા વિતરણ કરવામાં આવ્યું હતુ.

## સ્થાનિક ચૂંટણીને લઈને વિવિધ વિસ્તારોમાં પ્રચાર કરતા યુવા નેતા મનીષ સંઘાણી



અમરેલી, તા. ૧૩

હાલમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ ચાલી રહી છે જે અંતર્ગત યુવા નેતા મનીષ સંઘાણી દ્વારા લાઠી નગરપાલિકા, સાવરકુંડલા નગરપાલિકા, ચલાલા નગરપાલિકા અને રાજુલા નગરપાલિકાના ઉમેદવારોના સમર્થનમાં ડોર ટુ ડોર પ્રચાર પ્રસાર કરવામાં આવ્યો હતો ઉપરાંત જિલ્લાના વિવિધ જગ્યાઓ પર બેઠકો યોજી હતી અને ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણી દ્વારા વધુ મતદાન થાય તે માટે આહાવન કરવામાં આવ્યું હતું ઉપરાંત ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને ભારે બહુમતીથી જીતાડવા માટે અપીલ કરી હતી.

### મન હોય તો માળવે જવાઈ કહેવત સાર્થક

## અમરેલીનાં વિદ્યાર્થીઓએ ૧૫થી વધુ દેશોનાં નાગરિકો વચ્ચે પ્રેઝન્ટેશન રજુ કર્યુ

**૬ મહિનાની અંદર ૬ લાખથી વધુનો વેપાર કર્યો**



અમરેલી, તા. ૧૩

અમરેલીના વિદ્યાર્થીઓએ આઈ.આઈ.એમ અમદાવાદ ખાતે ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં ૧૫ થી વધુ દેશોના લોકો વચ્ચે પ્રેઝન્ટેશન રજૂ કર્યુ. ડો.કલામ ઈનોવેટીવ સ્કૂલ અમરેલીના વિદ્યાર્થીઓએ આઈ.આઈ.એમ અમદાવાદ ખાતે યોજાયેલ ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન ગ્રાસરૂટ એન્ડ ઈનોવેશનની અંદર કેમ્પસ ખાતે રહેલ સ્ટાર્ટ અપ સ્ટુડીઓ વિશે પ્રેઝન્ટેશન રજૂ કર્યુ. શાળામાં રહેલ સ્ટાર્ટ અપ સ્ટુડીઓની અંદર ૧૩-૧૪ વર્ષના વિદ્યાર્થીઓ ધંધો કરી રહ્યા છે અને પોતાના વાલીઓને આર્થિક રીતે સહયોગ પણ કરી રહ્યા છે. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા છેલ્લા ૬ મહિનાની અંદર ૬ લાખથી વધુ કિંમતનો ધંધો એમણે આ સ્ટાર્ટ અપ સ્ટુડીઓના માધ્યમથી કર્યો છે. આ સમગ્ર કાર્યક્રમ વિશે તેમણે કલામ યૂથ સેન્ટરના કાર્યો વિશે અંદાજિત ૧૫થી વધુ દેશોના લોકોની સામે આ વિચાર અને તેમના કાર્યોની વિસ્તૃત માહિતી રજૂ કરી હતી.

દેશ-વિદેશના લોકોએ કલામ યૂથ સેન્ટરના વિદ્યાર્થીઓની પ્રવૃતિને ખૂબ બિરદાવી હતી અને ભવિષ્યમાં નવી નવી પ્રવૃતિ કરવામાં માટે માર્ગદર્શન પણ પૂરૂ પાડયું હતું અમરેલી જેવા નાના એવા શહેરના વિદ્યાર્થીઓ દ્વારા આજે આંતરાષ્ટ્રીય સ્તરે પ્રતિનિધિત્વ કરીને સમગ્ર જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે. ડો. કલમ ઈનોવેટીવ સ્કૂલ દ્વારા આપવામાં આવેલી આ વિશેષ તક ભવિષ્યના ઉમદા ઉદ્યોગ સાહસિકો ઉભા કરવાનું કામ કરશે.

## અમરેલી ખાતે મોઢેશ્વરી માતાજીનો પાટોત્સવ અને સરસ્વતી સન્માન સમારોહ યોજાયો



અમરેલી, તા. ૧૩

અમરેલી મોઢ વણિક કોમ્યુનીટી પોપર્ટી અને પારેખ રણછોડ દેવચંદ વિદ્યાર્થીગૃહ દ્વારા તા. ૯/૨/૨૫ના રોજ અંધશાળા ખાતે મોઢેશ્વરી માતાજીનો પાટોત્સવ તેમજ તેજસ્વી તારલાઓનો સરસ્વતી સન્માન સમારોહ યોજાયો. આ તકે શરૂઆતમાં ગતવર્ષે જ્ઞાતિના દિવગંત થયેલ આત્માઓને શ્રધ્ધાજંલિ અપાય. સ્વાગત દીપ પ્રાગટય થયેલ. આ તકે જ્ઞાતિના પ્રમુખ દિલીપભાઈ પરીખ, દિનેશભાઈ પરિખ, રાજુભાઈ પરિખ, હિરેનભાઈ પરિખ, જસવંતરાય પરીખ તેમજ ડો. હિતેષભાઈ ગાંધી, ડો. હિંમતભાઈ પરીખ તેમજ ખાસ મહેમાન ડો.બી.એન.મહેતા રાજુભાઈ મહેતા ઉપસ્થિત રહેલ. પ્રાસંગિક પ્રવચનો થયેલ મોઢેશ્વરી માતાજીની આરતી વંદના થયેલ. તેમજ એલ.કેજી થી માસ્ટર ડીગ્રી સુધીના જ્ઞાતિના તેજસ્વી તારલાઓનું ઈનામો આપી સન્માન કરાયેલ તેમજ અન્ય જ્ઞાતિજનો દ્વારા રોકડ પુરસ્કાર અપાયેલ. આ કાર્યક્રમને સ.ળ બનાવવામાં મોઢ યુવક મંડળના સંજય પરિખ, રવિભાઈ પરિખ, ભાવેશ મહેતા, નિતીનભાઈ ગઢીયા, ભાવિન દોશી, પુર્વેશભાઈ પરિખ, અડાલજા તેમજ કાર્યક્રમનું સંચાલન દિપકભાઈ ગાંગડીયાએ કરેલ. જ્ઞાતિના ભુલકાઓએ મીમીક્રી કરેલ. સૌએ સાથે મળી અંતે ભોજન-પ્રસાદ કરેલ તેમ સંસ્થાની યાદીમાં જણાવાયું છે.


રજમી પૂણ્યતિથિએ શ્રદ્ધાસુમન



સ્વ. શ્રી રમણિકલાલ ભુપતલાલ દોશી

જન્મ તા. ૩૧-૧૨-૧૯૨૪ ■ સ્વ.તા. ૧૪-૦૨-૨૦૦૧

શ્રી બી.જે. દોશી હાઈસ્કૂલ અમરાપુર (ધાનાણી) વિદ્યામંદિરના શિલ્પી, શિક્ષણપ્રેમી, ગામ આગેવાન તેમજ દીર્ઘદ્રષ્ટા સ્વ.શ્રી રમણિકલાલ ભુપતલાલ દોશી ની રજમી પુણ્યતિથિ નિમિતે શાળાના સમગ્ર સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓએ બે મીનીટનું મૌન પાળી શ્રદ્ધાસુમન અર્પણ કરેલ તેમજ તેઓના ઉમદા જીવન વિશે શાળાના બાળકોને માહિતગાર કરેલ છે. ભગવાન સદ્ગતનાં આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના સહ વંદન...

કમલેશભાઇ આર. દોશી

પ્રમુખશ્રી : અમરાપુર કેળવણી મંડળ


આચાર્યશ્રી : બી.જે. દોશી હાઇસ્કૂલ

તથા શાળા પરિવાર, મુ. અમરાપુર (ધાનાણી)


### સૌરાષ્ટ્ર કક્ષાનાં ખેલ મહાકુંભમાં

## અમરેલીની વિદ્યાર્થીએ કથ્થક નૃત્યમાં ઝોન કક્ષાએ પ્રથમ સ્થાન મેળવ્યું

**કથ્થકગુરૂ શિવાની બહેન પણ યશનાં ભાગીદાર**



અમરેલી, તા. ૧૩

જામનગર ખાતે સૌરાષ્ટ્ર પ્રદેશ કક્ષા કલા મહાકુંભમાં સૌરાષ્ટ્રના ૮ જિલ્લાઓના પ્રથમ વિજેતા કથ્થક નૃત્યમાં બહેનો વચ્ચે સ્પર્ધા યોજાયેલ. અમરેલીમાં ધોરણ ૯માં અભ્યાસ કરતી અને હરિવિહાર યોગ પાઠશાળામાં પણ ડાન્સ કરાવતી સોમ્યા ચંદનભાઈ ભંડરાલને કથ્થક નૃત્યમાં ઝોન કક્ષાએ પ્રથમ સ્થાન મેળવતા સ્કુલના પ્રિન્સિપાલ વ્યાયામ શિક્ષક બારડ તથા સમગ્ર સ્ટાફે ખુબ ખુબ અભિનંદન આપેલ. આ સફળતા માટે કથ્થક ગુરૂ શિવાની બહેનના ફાળે યશ જાય છે સાથો સાથ તેમના માતા કે જેઓના તાજેતરમાં જિલ્લાના શ્રેષ્ઠ યોગ ટ્રેનરનો એવોર્ડ મળેલ તેમની મહેનત રંગ લાવી અને તે વિજય સહભાગી થયા છે. રાજય અને રાષ્ટ્રીય એવોર્ડ આઈ.પી.બારડની યાદી જણાવે છે.

# લીલીયામાં Innovation club અંતર્ગત બે દિવસીય ટ્રેનિંગ યોજાઈ



સરકારી વિનયન અને વાણિજય કોલેજ લીલીયામાં INOVATION CLUB અંતર્ગત કોલેજના આચાર્ય ડો. રાજેન્દ્રસિહ એ. રાઠોડ (GES-I)ના નેતૃત્વમાં તથા ડો. મહેશ એસ. ગઢિયા (આસી.પ્રો. સમાજશાસ્ત્ર અને INOVATION CLUB કો- ઓર્ડીનેટર) દ્વારા તા. ૧૨/૨/૨૦૨૫ થી ૧૩/૨/૨૦૨૫ સુધી બે દિવસીય DIY કીટ ટ્રેનીંગનું આયોજન કરવામાં આવેલ હતું. અત્રેની વિનયન અને વાણીજય શાખામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પણ ઈનોવેશન કરી શકે અને આ ક્ષેત્રમાં પોતાનું ઉચ્ચતમ યોગદાન આપી શકે તેવા ઉમદા હેતુથી આ બે દિવસીય ટ્રેનીંગનું આયોજન કેસીજી - અમદાવાદના સાથ અને સહકારથી કરવામાં આવેલ હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટયથી કરવામાં આવેલ હતી. ત્યારબાદ કોલેજના આચાર્ય ડો. રાજેન્દ્રસિહ એ. રાઠોડ (GES-I) દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરક ઉદબોધન આપવામાં આવેલ હતું. ત્યારબાદ ટ્રેનીંગના ટ્રેનર અનુજ મિશ્રા દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ ટેકનીકલ કીટો જેમકે બેઝીક ઈલેકટ્રોનીકસ કીટ, એડવાન્સ ઈલેકટ્રોનીકસ કીટ, એડવાન્સ સાયંસ કીટ, વિ.આર.ગ્લોબલ કીટ, એનર્જી કન્ઝર્વેશન કીટ, અર્થ સાયંસ કીટ જેવી વગેરે ટેકનીકલ કીટોનું થીયરી અને પ્રેક્ટીકલ માધ્યમથી ખુબ જ સરસ અને સુંદર રીતે માર્ગદર્શન આપેલ હતું. કાર્યક્રમનુ સફળ સંચાલન આયોજન ડો. મહેશ એસ.ગઢીયા (આસી.પ્રો. સમાજશાસ્ત્ર અને INOVATION CLUB કો- ઓર્ડીનેટર) દ્વારા કરવામાં આવેલ હતું. કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના અધ્યાપકઓ જહેમત ઉઠાવી હતી.

હવે... બદલાશે સારવારની પરીભાષા
કાર્યરત વિભાગો
યુરોલોજી (કિડની - પથરી - પ્રોસ્ટેટ) | આયુર્વેદ વિભાગ | પીડીયાટ્રીક્સ (બાળરોગ)
ક્રિટીકલ કેર અને મેડિસિન | ઈ.એન.ટી (કાન-નાક -ગળા) | આંખ વિભાગ
લેબોરેટરી | જનરલ સર્જરી | ગાયનેક અને આઈ.વી.એફ
ડાયાલિસીસ વિભાગ | સ્કિન વિભાગ (ચામડીના રોગ) | દાંત વિભાગ
ઓર્થોપેડિક અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ | ફિઝીયોથેરાપી વિભાગ
આયુષ્માન કાર્ડ અંતર્ગત તદ્દન મફત ઓપરેશન
24/7 Emergency Services
(ગોળ હોસ્પિટલ)
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૬૬૬
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

## સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈને પત્રકાર પરિષદ યોજતાં કોંગી સાંસદ

# ભાજપ કરે છે શામ, દામ, દંડ અને ભેદની રાજનીતિ : ગેનીબેન

### પાટીદાર સમાજની દીકરીનું સરઘસ કાઢવાની ઘટનાને દુઃખદ ગણાવીને ન્યાય આપવા માંગ કરી

### રાજુલા, જાફરાબાદ, ચલાલા અને લાઠીમાં ૧૫ વર્ષથી ભાજપનું શાસન છતાં વિકાસકાર્યો થયા નહી

### ભાજપને શાંતિ અને ભાઈચારો પસંદ નથી માત્ર અંદરોઅંદર લડાઈનું કરાવે છે કામ

### શહેરનાં મતદારો ભાજપને જાકારો આપીને કોંગ્રેસને આશીર્વાદ આપશે






અમરેલી, તા. ૧૩

અમરેલીજિલ્લાનીરાજુલા, જાફરાબાદ, લાઠી અને ચલાલા પાલિકાની સામાન્ય ચૂંટણીનાં કોંગી ઉમેદવારોનાં પ્રચાર અર્થે આજે કોંગી સાંસદ અને તેજાબી વકતા ગેનીબેન ઠાકોરે જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે પત્રકાર પરિષદ યોજી હતી.

તેઓએ જણાવેલ છે જે પાલિકાની સામાન્ય ચૂંટણી યોજાઈ રહી છે ત્યાં છેલ્લા ૧૫ વર્ષથી ભાજપનું શાસન ચાલી રહ્યું છે છતાં પણ શહેરનો વિકાસ થયો નથી. આથી શહેરી મતદારો ભાજપને જાકારો આપીને કોંગ્રેસને આશીર્વાદ પાઠવશે તેવી આશા વ્યકત કરી હતી.

તેઓએ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપ શામ, દામ, દંડ અને ભેદનું રાજકારણ રમીને હરિફ ઉમેદવારોનાં ફોર્મ રદ કરાવે અથવા તો ફોર્મ પરત ખેંચાવતાં હોવાનો પણ આક્ષેપ

અનુસંધાન પાના ૬ ઉપર

## પોલીસ અધિક્ષક સંજય ખરાતની સુચનાથી કામગીરી

# અમરેલી : એસઓજીએ છોટા ઉદેપુર જિલ્લામાં ગુન્હો કરી નાસતા ફરતા આરોપીને ઝડપી લીધો

### આરોપી નિતેશ નાયકને લાખાપાદર ખાતેથી ઝડપી લેવાયો



અમરેલી, તા. ૧૩

પોલીસ અધિક્ષક સંજય ખરાત અમરેલી દ્વારા જિલ્લામાં કોઈ ગંભીર પ્રકારનાં ગુન્હાઓ ન બને જેથી ગંભીર પ્રકારના ગુનાઓ આચરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા અમરેલી જીલ્લા પોલીસ તંત્રને જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે જિલ્લામાં કોઈ ગંભીર પ્રકારનાં ગુન્હાઓ ન બને જેથી ગંભીર પ્રકારના ગુનાઓ આચરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા ખાસ ડ્રાઈવ રાખવામાં આવેલ હોય. જે અનુસંધાને એસ.ઓ. જી. પોલીસ ઈન્સ્પેકટર આર.ડી. ચૈધરી તથા પોલીસ સબઈન્સ્પેકટર એન.બી. ભટ્ટ તથા એસ.ઓ.જી. ટીમ અમરેલી જિલ્લામાં નાસતા ફરતા આરોપી વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા સતત પ્રયત્નશીલ રહેલ હોય. જે અન્વયે એસ.ઓ.જી. ટીમ ચલાલા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન છોટા ઉદેપુર જિલ્લાના રંગપુર પોલીસ સ્ટેશનના આઈ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬ મુજબના ગુનાના કામે નાસતા ફરતા આરોપી નિતેશ ઉદલીયાભાઈ નાયક, (રહે. નિશાળફળીયુ, ઉખલવાંટ, જી. છોટાઉદેપુર)ને ચોક્કસ બાતમીના આધારે ચલાલા વિસ્તારના લાખાપાદર ગામ ખાતેથી પકડી પાડેલ છે.

## જિલ્લામાં કુલ ૩૦૭૩૫ છાત્રો આપશે ધો. ૧૦ અને ધો. ૧૨ ની પરીક્ષા

# અમરેલી જિલ્લામાં ધો. ૧૦માં ૨૮ અને ધો. ૧૨ માં ૨૦ કેન્દ્ર મળી કુલ ૧૨૮ બિલ્ડીંગમાં લેવાશે પરીક્ષા

### ધો. ૧૦માં ૧૯૪૯૫, ધો. ૧૨ માં સામાન્ય પ્રવાહમાં ૯૫૭૨, વિજ્ઞાન પ્રવાહમાં ૧૭૨૮ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

અમરેલી, તા.૧૩

આગામી દિવસોમાં ધોરણ ૧૦ તથા ધોરણ ૧૨ની બોર્ડ પરીક્ષાઓ શરૂ થવા જઈ રહી છે. ત્યારે ધોરણ ૧૦ તથા ધોરણ ૧૨ની બોર્ડ પરીક્ષાઓ માટે અમરેલી જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા ફુલ પ્રૂફ પ્લાન તૈયાર કરી લેવામાં આવ્યો છે. આ વખતે જિલ્લામાં ધો. ૧૦ અને ૧૨ મળીને કુલ ૩૦ હજાર કરતા પણ વધારે છાત્રો પરીક્ષા આપવાના હોય, પરીક્ષા કેન્દ્રો મુજબ બિલ્ડીંગો સહિતની વ્યવસ્થાને

અનુસંધાન પાના ૬ ઉપર

Krishna Dining Hall
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
76,700/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૩/૦૨/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીનાં જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ ગ્રાઉન્ડ ફલોરની દુકાન નં.૧૩૭ વેચવાની છે.
:: સંપર્ક કરો ::
શ્રી જેરામભાઈ સોહલીયા
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪


Sheetal
₹440/- ₹350/-
Pizza Combo
1 Italian Pizza + 1 Veg. Cheese Grill Sandwich + 2 Cold Drinks
Offer Valid : 23-11-2024 to 15-12-2024
શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ સામે, અમરેલી. સમય : સવારે 10:00 થી રાત્રે 11:00

દુઃખદ અવસાન / બેસણું

સ્વ. બાવચંદભાઈ નાનજીભાઈ કાનાણી-મુ.ચલાલા
સ્વ. તા.૧૨/૦૨/૨૦૨૫, સંવંત ૨૦૮૧ મહાસુદ-૧૫ ને બુધવાર
દિલગીરી સાથે જણાવવાનું કે, ચલાલા નિવાસી અમારા કાનાણી પરિવારનાં મોભી બાવચંદભાઈ નાનજીભાઈ કાનાણી તા.૧૨/૦૨/૨૦૨૫ સંવંત ૨૦૮૧, મહાસુદ-૧૫ને બુધવારનાં રોજ સ્વર્ગવાસ પામેલ છે.
સદગતનું બેસણું : તારીખ : ૧૫/૦૨/૨૦૨૫ ને શનિવાર
સવારે ૮ : ૦૦ થી ૫ : ૦૦ કલાક સુધી રાખેલ છે
સ્થળ : પટેલ વાડી – ચલાલા
લી.
નનુભાઈ નાનજીભાઈ કાનાણી (ભાઈ)
ધર્મેશ નનુભાઈ કાનાણી
ભાવિક બાવચંદભાઈ કાનાણી
મો.૮૧૪૧૬ ૧૦૦૯૬ / ૮૦૦૦૪૭૯૯૩૬
તેમજ સમસ્ત કાનાણી પરિવારનાં જયશ્રી કૃષ્ણ
મુ. ચલાલા, તા.ધારી, જી. અમરેલી

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)